# ભગવાન શું છે?

લેખક

નટુ બાપુ

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**
**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**
મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ

BHAGWAN SU CHE?
NATU BAPU
Published by M.M.Sahitya Prakashan
Mahavir Marg, Anand-388 001

© લેખક

**ભગવાન શું છે?**

નટુ બાપુ

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

નકલ : ૧૦૦૦

**કિંમત : રૂા. ૭૫/-**

**આવરણ**

*Mayur's*

**સજાવટ**

ગુર્જરી સાહિત્યાલય, ડાકોર

**મુદ્રક**

ચરોતર સાહિત્યાલય, નડીયાદ

**પ્રકાશક**

**એમ.એમ.સાહિત્ય પ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ.

# અર્પણ

**મારા પુજ્ય બા - બાપુ**
**તથા સોમદાસ, નરભેરામબાપુ,**
**ભાણીમા તેમજ મધુમા**
**તથા**
**હીરાબા (મારા ધર્મપત્નિ)**

## લેખકનું મંતવ્ય

ભગવાન વિષે અનેક પ્રકારની વિચારણાઓ રજુ કરવામાં આવેલી છે મુખ્યત્વે શાસ્ત્રોમાં તેને દયાનો સાગર કે મોટા ભાગે એક ઉચ્ચ કક્ષાનો ન્યાયાધિશ તરીકે પણ વ્યક્ત કરવામાં શાસ્ત્રો ભક્તો અને સંતોએ રજુ કર્યો છે.

પરંતુ ભગવાન દરેક બાબતમાં સ્વહસ્ત અને સામર્થતાનું અદ્‌ભૂત પ્રતિક કે શક્તિ હોવાને કારણે તે સરમુખત્યાર વધુ છે એ બાબત અનુભવોમાંથી અને જીવન વ્યવહારમાંથી સિધ્ધ થયેલી દેખાય છે. તે માટે આ પુસ્તકમાં રજુ કરવામાં આવ્યું છે તેને વાંચીને, વિચારીને ન્યાય આપશો.

**નટુબાપુ**
મો. ૮૭૩૩૦૮૬૨૩૩

ભગવાન શું છે? ૧

# ભગવાન શું છે ?

ભગવાન વિષે શાસ્ત્રમાં ઘણી બધી બાબતો રજુ કરવામાં આવેલી છે. કોઈએ એને મૂળભૂત શક્તિનું મુર્ત સ્વરૂપ તરીકે વ્યક્ત કરવાની કોશિષ કરી છે. જેને હિન્દુ ધર્મશાસ્ત્રોમાં આદ્યશક્તિ શબ્દથી પ્રસ્તુત કરવાની જે બાબત છે તેમાં શક્તિને મહત્ત્વ આપવામાં આવ્યું છે. શક્તિ એટલે સર્વ શક્તિમાન તાકાત જેણે હિન્દુ શાસ્ત્રોની રીતે ત્રણ પિંડ તૈયાર કર્યા જે પિંડ તૈયાર કર્યા તેના નામ આપવામાં આવ્યા. બ્રહ્માજીનો પિંડ. શંકર કે શિવનો પિંડ અને ત્રીજો પિંડ તે વિષ્ણુનો. આ પિંડની પાસે શાસ્ત્રોના વ્યકતવ્ય અનુસાર જેણે તે ઉત્પન્ન કર્યા એવી આદ્યશક્તિએ ભોગવટાના ભાવ સાથે દેહભાવને જાગૃત કરી, આશક્તિને મુર્ત સ્વરૂપ આપવાની માંગણી પ્રથમ પિંડ પાસે કરી. જેનો પ્રથમ પિંડે અનાદર કર્યો. જે સર્જે છે એને ભોગવવાની વાત એ પિંડને માન્ય ન હોવાથી તે પિંડને શાપ મળે છે. અને પાંચ મુખ સાથે કોઈ સ્થાનમાં મંદિર કે મુર્તિરૂપે ભાગ્યે જ પુજાશે તેવું વ્યક્ત કરવામાં આવ્યુ. બીજા પિંડ પાસે પણ એ જ માંગણીને દોહરાવવામાં આવી અને ઉપરોક્ત બાબતને લક્ષમાં રાખી બીજા પિંડે પણ અનાદર કર્યો. તેને સ્મશાનમાં વાસ થશે અને એક જોગેદર તરીકે વ્યક્ત કરવાનું થવાનું વરદાન મળ્યું આ શિવ કે શંકર.

આ બધુ નિહાળ્યા પછી શાસ્ત્રો કહે છે કે છેલ્લે વિષ્ણુના પિંડે આદર સાથે આદ્યશક્તિની ઈચ્છાને અનુમોદન આપ્યું અને સર્વશક્તિમાન આદ્યશક્તિ તેના પિંડમાં સમાય ગઈ અને તેની ઈચ્છા પ્રમાણે ત્રીજા પિંડના સહયોગથી આ સંસારની રચના કરી આ છે હિન્દુધર્મના ધર્મશાસ્ત્રોની ધર્મધારણાઓ. મુસ્લીમ ધર્મમાં આદમ અને ઈવ, ખ્રિસ્તી ધર્મમાં બીજી જ રીતે આ સંસારની ઉત્પત્તી બતાવવામાં આવી છે. હિન્દુ શાસ્ત્રોક્ત રીતે વિષ્ણુને જ તમામ શક્તિના રૂપમાં વ્યક્ત કરવામાં આવેલ છે. સમગ્રતયા શક્તિ એક જ છે જેનાથી આ બ્રહ્માંડનું સંચાલન ચાલે છે. અને ચાલ્યા કરશે નિરંતર અવિનાશીના રૂપમાં વ્યક્ત કરવામાં આવેલ આ શક્તિના મૂળમાં શું છે તેની સભાનતા માટે જાણકારી માટે હજારો વર્ષોના તપના પર્યાયવાળા ઋષિઓ, સંતો, અવતરણો જેને પામવામાં વામણા પુરવાર થયા હોય તેવું લાગે છે. સત્યને શોધવામાં નિષ્ફળતા એ પામરતા છે કે નિષ્ફળતા એ મર્યાદાને અનુબોધિત છે. તે આધ્યાત્મિક બાબત છે.

પ્રથમ કક્ષાએ જોઈએ તો અદ્વૈતવાદના સિદ્ધાંત પર આદ્યાત્મિકતા ચાલે છે. ઈશ્વર એક જ સર્વશક્તિમાન સત્તા એક અને અદ્વિતિય છે. તે બાબત તમામ ધર્મો ધર્મના, ધુરંધરો, શાસ્ત્રો, સંતો, ઓલીયાઓ ફકીરો, બધા જ એકમત છે. પરંતુ દરેક ધર્મના મૂળભૂત સ્થાપકો પછીના પ્રચારકો, પ્રસારકો પોતાની મૌલિકતા, વિદ્વતા અને વિશિષ્ટતા ભર્યા વિચારોને વ્યક્ત કરવા માટે પોતાની સમજણ બુદ્ધિમત્તા અને પોતાના વધુ આદરણીય દેવ દેવીઓને પોતાની રીતે જ મહત્ત્વ આપવાનું મર્યાદાભર્યું કે સમજ શક્તિની સંકુચિતતા ભર્યું જ્ઞાન આવકાર્ય હોય અને એથી જ વિવિધ ધર્મપંથોમાં વિવાદીતા આવી છે.





ભગવાને અનેક રૂપે અનેક સ્વરૂપે અને ગુણે રજુ કરવામાં દરેક ધર્મ શાસ્ત્રોએ પોતાની રીતે માન્યતા અને સમજણમાં રજુ કરે છે અને તેમાં જ અનેક નામ આપી તેને અદ્વિતિય શક્તિ તરીકે માને છે. સ્વીકારે છે ધર્મ પ્રમાણે જુદા જુદા દેવ, વિસ્તાર સમાજ, સંસ્કૃતિની રીતે પણ નામ, રૂપ ગુણ પદમાં વિવિધતા અનેક દેશ સમાજના શાસ્ત્રો પોતાની રીતે જ રજુ કરે છે. ભગવાન વિષેની કલ્પના માત્રથી જ સંતોષ માનવામાં માનવ જીવો જેવા પ્રાણીઓ જ ઊણા ઉતરે છે અને છેવટે અનુભૂતિ સાક્ષાત્કારના પ્રચંડ પ્રચારથી સંસારમાં તેને વ્યક્ત કરવામાં આવે છે તે દૃશ્યમાં તો થતો જ નથી કોઈ પ્રભાવશાળી કે ભાવનાશાળી ભક્તને તે પ્રસન્ન થાય છે. એવું બને છે એવા શાસ્ત્રોના ધર્મ ઈતિહાસના કથનો કહે છે.

અને છતાં એક એવી અદ્ભૂત અદ્વિતિય શક્તિનું અસ્તિત્વ સર્વવ્યાપી છે તેવું મહેસૂસ થયા સિવાય રહેતુ નથી આવા વિશાળ બ્રહ્માંડની અંદરના અનેક પદાર્થો હજારો સૂર્યો, નિહારિકાઓ સેંકડો પૃથ્વી સમાય જાય એવા તારાઓ આકાશ ગંગાઓ આ બધાનું સંચાલક કંઈ શક્તિ કરતી હશે અને તેનું વ્યવસ્થા તંત્ર કેટલું અને કેવું અદ્ભૂત છે એની કલ્પના કરવાથી માત્ર આશ્ચર્ય જ અનુભવાય છે. અને જે આપણી કલ્પના બહારની ઘટના કે બનાવ બને છે. એને ચમત્કાર જ કહેવો પડે, આમ રોજ બરોજની ઘટનાઓ પણ ચમત્કારથી ઓછી તો નથી. સૂર્યનું ઉગવું અને ચંદ્રનું ઉગવું પૃથ્વીનું સુર્યની આસપાસ ફરવું ચંદ્રનું પૃથ્વી આસપાસ ફરવું વિજ્ઞાનની રીતે અને એવા હજારો કિ.મી.લાંબા ગોળ પદાર્થો કલાકના હિસાબે હજારો કિ.મી.નો પ્રવાસ કરે કોઈ કોઈની સાથે અથડાય ન જાય પોતાના જ રસ્તા પરથી પસાર થાય, છતાં પણ ઋતુએ ઋતુએ એના પ્રભાવો બદલાતા રહે. આકાશ,

વાયુ, તેજ, પાણી પૃથ્વી જેવા પાંચ તત્ત્વોની કલ્પના અને અનુભૂતી કેવા આલ્હાદક જનક અને ઉત્પ્રેક્ષાપ્રેરક બને છે. ક્ષણભર વિચાર કરો કે વાયુ તત્ત્વનું અસ્તિત્વ જ ન હોય તો શું ? પ્રાણીજીવન શક્ય છે. તે જ તત્ત્વ જ ના હોય તો અંધકાર સિવાય કંઇ જ ના હોત. તે જ તત્ત્વને ઉજાશ કે પ્રકાશના રૂપમાં વ્યક્તિ કરવામાં આવે છે. એથી વિશેષ એને પ્રાણના સહસંચાલક તરીકે પણ વિચારવામાં આવે છે પરંતુ તેનું વહન માત્ર વાયુ તત્ત્વના અસ્તિત્ત્વને આભારી છે, વાયુ તત્ત્વનું અસ્તિત્ત્વ આકાશ તત્ત્વની સાથે સંભંધ ધરાવે છે. પોલાણ જ ન હોત તો વાયુનું વહન ન થઇ શકે. વાયુનું વહન ના થાય તો જળ અને તે જ તત્ત્વનું નિજકાર્ય ગતી વિહીન બની જાત અને જે ગતી વિહીન બની જાય એવા તત્ત્વોનો કોઇ જ અર્થ નથી અને પૃથ્વી તત્ત્વના માધ્યમ સિવાય આ તમામની કાર્યપદ્ધતી કે કાર્ય નિષ્ક્રીયતા પ્રાપ્ત કરતે તો પ્રાણી જીવન કે તમામ જીવનમાત્ર, પદાર્થોના સર્જનનો પણ કોઇ અર્થ ન રહી શકત અને છેવટે તમામ જીવનો નાશવંત બની દુનિયાનો કે બ્રહ્માંડનો વિકાશ અટકી જાત. અનેક પ્રકારના સંવેદનશીલ પ્રાણીઓની સૃષ્ટિના રચયીતા સાર્વભોમત્ત્વ શક્તિના સ્વામી એવા ઇશ્વર કે ભગવાનને ક્યા રૂપમાં, કેવા ગુણમાં અને કંઇ કક્ષામાં મુકવા. ત્રિગુણી માયામાં રાચતા છતા ગુણ વિહીન ગણાતા કે નિર્ગુણ ગણાતા આ મહાતત્ત્વને માટે શું સંજ્ઞા વાપરવી એ જ આ જ સુધી સમજમાં નથી આવતું. એ તમામ તત્ત્વોથી પર છે. નામ, રૂપ ગુણ પદથી પર છે, પરાથી પર છે નામ. સ્મરણથી પણ પર છે.

ઇશ્વરનો પાર પામવો એ કોઇ સામાન્ય બાબત તો નથી જ. ગુણ વિહિન છતાં અનેક ગુણોતી ભરપુર રૂપ વિહિન છતા અનેક રૂપોથી પ્રદર્શિત,





અથવા અદશ્યમાં નામ શબ્દ એને લાગુ પડતો જ નથી કારણ કે નામ એનો તો નાશ છે પરંતુ પોતે તો અનામી છે જેને કોઇ નામથી વ્યક્ત કરવો તે તેની મર્યાદા થઇ જાય છે. છતાં અનેક નામોથી ઉપસ્થિત થતો તે અદ્વિતિય છે. પાંચમાં પદથીયે પર એવો તે પદ રહિત છે છતાં સર્વોચ્ચ પદનો સ્વામી છે.

ગુણ ગુણોથી ભરપુર છતાં નિર્ગુણ, ક્યા ગુણથી એને વ્યક્ત કરવો ૧) એ દયાનો સાગર છે. ૨) સર્વોચ્ચ ન્યાયધીશ છે. ૩) સરમુખત્યાર સત્તાધીશ છે. દયા એ સર્વોચ્ચ ગુણ છે. દયા, કરુણા, ઉદારતા, સમભાવ, સમતાભાવ, આ બધા દયાના મહત્ત્વના અંગો છે અને ભક્તો, ભાવિકો, શ્રદ્ધાળુઓ તપસ્વીઓ દર્શનાર્થીઓ. બધા જ એને દયાના સાગર, હે કરુણાના કર્તા જેવા ભાવથી નવાજે છે માને છે. પૂજે છે. આદરપૂર્વક આવકારે છે. અબ્ધિ એટલે દરિયો અખૂટ દયા અને કરુણાનો ભંડાર શબ્દથી માનવ જીવન જ નહિ, પ્રાણી જીવનના પણ અનેક દાખલાઓ તેને દયાના સાગર તરીકે પૂરવાર કરવા અભિવ્યક્ત કરવા તત્પર છે.

ઇશ્વર કે ભગવાન શબ્દથી જેને સર્વશક્તિમાન તરીકે નવાજવામાં માનવામાં આવે છે. આવેલ છે એને માટે દયાના કરુણાના સાગર તરીકે જે બિરુદ આપવામાં આવ્યું છે તે કેટલું વ્યાજબી છે એ સમજવું ખરેખર દુષ્કર છે, પરંતુ એ બાબતમાં કોઇની વિચારણા, મંતવ્ય, વ્યક્તવ્ય લેવામાં આવે તો પણ ધર્મની ધારણાઓને લક્ષમાં રાખીને વિવાદોથી મુક્ત રહેવાના ભાવ, ભાર અને હેતુ એ બાબત તેને દયાળુ છે એમ વ્યક્ત કરવામાં વધુ ઉતાવળ કે ઝડપ સરળમાર્ગ બનવાના ઉદ્દેશને કારણે બને છે.

તેને દયાના સાગર તરીકે વ્યક્ત કરવામાં કંઇ ભાવના ભક્તો માટે

કાર્યરત છે. તે પણ એક વિશિષ્ટ સંશોધન છે તેના પણ અનેક પાસાઓ હોઇ શકે છે. ૧) સર્વોપરિતાની સ્વીકૃતીની માન્યતા. ૨) સ્વાર્થમયતાની ભાવિક ભૂમિકા, ૩)જીવનધારાની પ્રાકૃતિક મજબૂરી, ૪) અસહાય પરિસ્થિતીની ઉદભવના, ૫) અમાન્યતાનો ડર, ૬)સંસારની માયામાં સત્યને શોધવાની નિર્બળતા, ૭)સત્યને વ્યક્ત કરવાની અશક્તિ, ડર, ૧૦) મન, બુદ્ધિથી આવિષ્કૃત રજોગુણ, ૧૧) ધર્મ પ્રત્યેની પ્રતિબદ્ધતા.

૧) સર્વોપરિતાની સ્વીકૃતીની માન્યતા :- દુનિયાના દરેક ધર્મગ્રંથો, ધર્મસ્થાપકો, સંતો, સાધુઓ, પીર પયંગમ્બર ભગવાનને દયાના સાગર તરીકે સર્વોચ્ચ કક્ષાએ માન્ય કરવામાં આવે છે. તે બ્રહ્માંડમાં સર્વથી શ્રેષ્ઠ અદ્વિતિય શક્તિનો સ્વામી હોવાને નિર્વિવાદ પ્રસ્તુત થયેલ છે અને એની સર્વોપરિતા સર્વવ્યાપી જ નહિ સર્વમાન્ય હોવાને કારણે તેની તમામ હરકતો, કાર્યો ક્રિયાઓ માટે એકસુત્રતા ઉદ્ભવે છે અને તેને બીજી રીતે કે અધૂરપમાં વ્યક્ત કરવાની કોઇ પ્રાણીમાં રજુ કરવાની શક્તિ જ નથી. ગામ, નગર, વસ્તી કે દેશમાં માથાભારે કે સર્વોપરિતાની શક્તિ સાથે વિચરતા મનુષ્ય કે પ્રાણીને નમ્રતાપૂર્વક આદર આપવો એ એની સ્વીકૃતીની એની સત્તાની માન્યતાની એક ખૂબ જ આવશ્યક પ્રતિક્રિયા છે એમ ન કરવામાં, વર્તવામાં, માનવામાં વિકટ પરિણામોની હારમાલા સર્જાય, એવી કે એની સત્તાઓ વધી ન જાય તે માટે પણ તે દયાળુ છે. દયાવાન છે એમ વર્તવામાં, માનવામાં જીવવામાં આવે છે.

૨) સ્વાર્થમયતાની ભાવિક ભૂમિકા :- સંસારનો આ સર્વસામાન્ય વ્યવહાર બની ગયો છે અને એ વ્યવહારમાં ભલા ભગવાન કે જેને, સાર્વભોમત્ત્વ, સર્વોપરિતાની તાકાત છે તેને આદર સાથે દયાળું વ્યક્ત કરવો





જ રહ્યો તેમ ન કરીને તેની સાથે ધ્રુષ્ટતાપૂર્વકનું વર્તન કે વ્યવહાર એ હાનિકારક નિવડે એવા અનુભવો અને અનુભૂતી એ બતાવે છે કે પ્રાણી માત્રને જીવન જ નહિ, પર જીવન ઉપર પણ એની જ આશા રાખવાની ધર્મના ધૂરંધરોએ એને તમારા તમામ જીવનમાં તેને એવી રીતે વણી લીધેલ છે. કે તમારા તમામ કામની સફળતાં, શાંતિ, સુખ એના સિવાય શક્ય નથી. અને આવી પરિસ્થિતિમાં તમારી સ્વાર્થ ભાવનાઓની ભૂમિકા વધુને વધુ સતેજ બને છે અને તમારી સફળતા, સુખ, શાંતિ માટે તમારી પાસે તેની સામે ઢીચણીયે પડીને નમ્રતાપૂર્વક પ્રાર્થના કર્યા સિવાય અન્ય કોઇ વિકલ્પ બચતો નથી કે તમારી પાસે એવા વિકલ્પ માટેની શક્તિ સમર્થતા હોતી નથી. અભાવ જ અભાવ તમારે એની દયાની ભીખ માંગ્યા સિવાય છૂટકો નથી એથી એ તમારા સંજોગોમાં, દયાળું છે. ભાવિક ભૂમિકા અરાજકતામાં હોય છે એનાથી વિશેષ ભાવનામાં પડેલી છે.

૩) જીવનધારાની પ્રાકૃતિક મજબૂરી :- જીવન પણ પ્રકૃતિનો એક ભાગ જ છે. પ્રકૃતિ એ ઇશ્વરનું સર્જન છે કે ઇશ્વર દત્ત છે જેના થકી આપવામાં આવેલું આ જીવન એના જ સર્જન જેવી ભૂમિકા એ પોતે જ ભજવે છે પોતે છે એનાથી વિશિષ્ટ એનું એ રૂપ છે સર્જન અને સર્જક એક હોવાને કારણે પ્રકૃતી માન્ય છે. પ્રકૃતિનો નિયમ છે કે તેના સર્જનહારથી ક્યારેય કોઇ સંજોગોમાં તેનાથી વિમુખ જવાની તે ચેષ્ઠા કરી જ ન શકે જીવન પછી ગમે તેવું હોય હા તે સજીવ હો યા નિર્જીવ તે પ્રકૃતિથી પર નથી અને પ્રકૃતિ તેની અમાપ શક્તિનું બાહ્ય સ્વરૂપ છે. દશ્ય છે દ્રષ્ટિ તેને સવિકાર કે નિર્વિકાર નિહાળી શકે છે પરંતુ એ દશ્ય કે દ્રષ્ટિ દ્રષ્ટા સિવાય અધૂરી છે. દ્રષ્ટા પોતે જ સર્જક છે તેને જોવાનું ન જોવાનું કાંઇ આવતુ નથી. દશ્ય એની

દયાનો ભાગ છે. દષ્યિ એની દયાની દેન છે. સમર્ગતયા એના થકી એનાથી એના માટે જ એ કરે છે જે નિર્વિવાદ છે. પ્રકૃતિ પોતે જ એની દેન છે. એની દયાની ભ્રાંતી એ વિસ્તરે છે સર્જે છે અને તે જ તમારા જીવનની મજબૂરી છે તમે તેના સર્જનથી પર થવાની કોસિષમાં નથી એ કાર્ય તમારુ નથી તમે તો તેના પાર્થસારથી છો તે તમારી ઈચ્છાને નહિ તમે એની ઈચ્છાને આધિન છો અને એ જ તમારી જીવન ધારાની પ્રાકૃતિક મજબૂરી છે જેમાં છો તેને અવેધ આવકાર્યા સિવાય કોઈ રસ્તો નથી. અને આ પ્રાકૃતિક મજબૂરી જ તમને તેમની દયાની ભીખ માંગવાની ફરજ પાડે છે ક્યાં જાવ ક્યાં રસ્તે જાવ કે તમારે દયાના ભીખારી બનવાની નોબત ન આવે જ્યાં જાવ ત્યાં તેના સિવાય કંઈ નથી. અવળા ફંટાતા વિશેષ દયાની કે સ્પેશ્યલ દયાની યાચના જે તમારા માટે અનિવાર્ય બની જાય તો તમે શું કરી શકો. જીવનમાં આવેગમાં અંધાધૂધીમાં, ફંટાતા રસ્તાઓમાં તમે સકાર્યમાં જૂબી જાવ ત્યારે પણ તમારે તેના જ માર્ગદર્શન સહ સાચા નિર્દેશનની યાચના અનિવાર્ય બને છે. આ છે અધધધ બનતા દયાના ઘુઘવાતા સાગરની સામે તમારી પ્રાકૃતિક મજબૂરી જ્યાં તમારે એને દયાના સાગરના સ્વરૂપે, રૂપે વ્યક્ત કરવો જ રહ્યો. યથાયોગ્ય સન્માન અને સ્ફૂરણાદાયક વ્યકતવ્ય એને ગમે છે આમ તો તમામ પ્રાણીમાત્ર તેના ભૂખ્યા હોય માનવ પ્રાણી વધૂ પરંતુ તે તમારે માટે ફરજીયાત નથી પરંતુ આની સામે તો તમારે ફરજીયાત એને દયાનિધિ છે તેમ વર્તવું પડે છે સાચું શું છે તે તો કોઈએ જાણ્યું નથી પરંતુ વ્યકતત્ત્વ અને વર્તન તેમ કરવા ફરજ પાડે છે.

૪) અસહાય પરિસ્થિતીની ઉદ્‌ભવના :- આવું તો જીવનમાં અનેક વખત બને છે કદાચ તમારાથી સાવચેતી પૂર્વકની જીવનયાત્રા ચાલુ હોય તો





એ એની મહત્તાને અગ્રેસર બનાવવા માટે એવા સંજોગોના સર્જનો કરે છે કે એમાં તમારી મનોવૃત્તિઓ, બુદ્ધિતત્ત્વ બહેર મારી જાય. કર્મ કાર્ય પદ્ધતી અને એની સદ્‌ભાવના યુક્ત જીવનધારા તે તમારો યજ્ઞ છે. પરંતુ એને કોઈપણના યજ્ઞમાં રોડા નાખવાનો હક્કહોય તેમ યા તો કસોટીની એરણ પર મુકવા કે તેના પરાક્રમી અસ્તિત્ત્વ અને શક્તિની ઝાંખી કરાવવા માટે પણ તમારી સહજભાવથી ચાલતી પ્રવૃત્તિને તેના આદર્શની ઉચ્ચતા વ્યક્ત કરવા પણ તમને ક્યારેક અસાહ્યતા યુક્ત રાહમાં રાહબર તરીકે ચલાયમાન કરવા માટે સક્રિય બને છે એ પણ એની એક ખૂબી ભરી અને ખુમારી ભરી વ્યગ્રતા છે તે તમને ત્યારે સમજાય કે જ્યારે તમે નિર્દોષ હોવા છતાં એની સામે તમારી સ્વૈચ્છિક વિહારની સફર તેના અજંપાને ઉજાગર કરે ત્યારે તેની મહત્તાને દર્શાવવા પણ એ એવી પદ્ધતી અખત્યાર કરે કે જેમા તમને તમારી યાત્રામાં અસહાયતા મહેસૂસ થાય અને ત્યારે પણ તમારે તેની દયાની ભીખ માંગવી પડે આ પરિસ્થિતી જોકે એનું સર્જન જ છે અને એ ઘણી વખત નજીક ગણાતા પાત્રો માટે આવું વાતાવરણ તૈયાર કરે છે.

દા.ત. સમર્થ રાજપુરુષો, અપ્રતિમ શક્તિશાળી પાંડવોની હાજરીમાં દ્રૌપદીની હાલત કેવી અસહાય થઈ ગઈ અને આ અસહાયતા યુક્ત વાતાવરણનો સર્જનાર એ પોતે જ હતો કે જે ભગવાન તરીકે પ્રસિદ્ધ થયેલ હોવા છતા એક અબળાને માટે અસહાય વાતાવરણ ઊભુ કરીને તેને આર્તનાદ કરવાની કે આરાધ કરવાની ફરજ પાડે છે. “હે પ્રભુ, હવે તારા સિવાય મારી આબરુ બચે તેમ નથી.” આ આર્તનાદ એ દિલના ઊંડાણમાંથી આવે છે એ આબરુ બચાવવા કે જીવન બચાવવા માટે આવે છે આનું સર્જન એ છે તો એ વાતાવરણનો વિસર્જક પણ એ જ છે. પરંતુ એને પોતાને દયાના

સિંધુ તરીકે વ્યક્ત થવા આવું કરવું પડતું હોયકે કરતો હોય એવું લાગે છે. નહીતર ભિષ્મ કે પાંડવોની હાજરીમાં આવી બાબત ઉદ્‌ભવી જ ન શકે એ કામ પણ એનું જ છે. અને આ જ બાબત એની સર્વોપરિતાની ઝાંખી કરાવે છે.

૫) અમાન્યતાનો ડર :- આ એક ધાર્મિક બાબત છ અને ધર્મધૂરંધરોએ એના વારસદારોએ તેના જ રાહે ચાલનારા હજારો શ્રદ્ધાળુઓ ભગવાનથી ડરે છે. એથી જ જેનો ડર હોય જેનો આપણને ડર, કે બીક લાગતી હોય તેની સામે કાકલુદી જ કરવી પડે છે એને કાયદાથી, કડકાઈથી કે બીજી કોઇ રીતે સમજાવી એની બીકમાંથી એના ત્રાસમાંથી, સત્તામાંથી, છૂટકારો શક્ય નથી હોતો ત્યારે તમારે તેને વિનંતિથી રીઝવવાની ફરજ પડે છે. આમાં અમાન્યતા તો એવી બાબત છે કે લોકો એમ કહે કે આ તો ભગવાનમાં નથી માનતો એટલે તે નાસ્તિક છે. આ નાસ્તિક હોવાની જાહેરાત એ પણ ઘણી ખરાબ છે. તો નાસ્તિકમાંથી આગળ વધીને તમને લોકો નુગરો કહેતા થઇ જાય ત્યારે તે શબ્દ એક ભયંકર ગાળ જેવો બની જાય છે. ત્યારે તમારી આ બાબત તમને અનાયાસે ભગવાન તરફ ખેંચી જાય છે હું નાસ્તિક કે નુગરો નથી. એ વ્યક્ત કરવા એથી વિશેષ તો તમે ભગવાનમાં નથી માનતા. અશ્રદ્ધાળું છો અને એથી જ તમારી સામે અનેક ઊપાધિઓ આવે છે. અને આ જાહેરાત કે માન્યતા પ્રચાર, પ્રસાર તમારા દિલ દીમાગમાં પણ અસર કરે છે. આ એક સમજદારોના માટે વહેમ છે. પરંતુ વહેમ એક એવી બિમારી છે કે તેનું કોઇ ઔષધ હોતુ નથી અને આને કારણે આમ બન્યું. માતાને ભગવાનને ન માનવાથી કેવો દુ:ખી થાય છે આ બધી બાબતોથી ત્રસ્ત



માનવ પોતાને દોષી ગણી પોતાની ભૂલની માફી માંગી દયાની ભીખ માગે છે અને છેવટે તેના દીલને સંતોષ થાય કે આટલી કાકલુદી, યાચના પછી ભગવાન તેની પર દયા કરીને તેને માફ કરી દેશે, હા જેસલ કે સાંસતીયા જેવા અનેક ભયાનક પાપીઓ દયા પ્રાપ્ત કરીને ભગવાનને સંતોને ચરણે જઇને તર્યા હોય તેવું ધર્મ ઈતિહાસ રજુ કરે છે.

૬) સંસારની માયામાં સત્યને શોધવાની નિર્બળતા :- આ સંસારની માયાની આસક્તિ, ખેંચતાણ, આકર્ષણ એવી ભયાનક છે કે સત્યને શોધવાની ક્યારેય કોઇએ ખેવના જ કરી નથી ખરેખર તમે ગુનેગાર છો. કે ભૂલ કરી છે. અકસ્માતે ઘટના ઘટી છે તેમાં તમારી જવાબદારી કેટલી કેવી એનું પૃથ્થકરણ કરવા જાવ તો ઘણી વખત સત્ય એ લાગે કે આમાં આપણે કે જે તે વ્યક્તિની સામે દોષારોપણ થતું હોય એ તદ્દન નિર્દોષ હોય શકે છે. હોય છે. પરંતુ આવું જાણવા છતાં નજરે જોતા હોવા છતાં કે વ્યક્તિ નિર્દોષ છે છતાં એને બચાવવા માટે આપણી પાસે વ્યક્ત કરવાની હિંમત નથી હોતી દલીલોમાં અને વાદપ્રતિવાદમાં આપણે અટવાય જવાની બીકમાં માત્ર અશક્તિમાં આપણે સત્યનું સંશોધન જ નથી કરી શકતા ત્યારે માત્ર અને માત્ર સર્વોપરિતાના સ્વામી થઇ બેઠેલા ભગવાનની સામે દયાની યાચના કરીએ છીએ. સત્યને સમજવાની, સમજાવવાની તમારી નિર્બળતા, તમારા માટે યાચના સિવાય બીજો કોઇ વિકલ્પ રહેતો નથી. હશે હવે ભૂલી જાવ અને માફ કરો. આ શબ્દો અનેક જગાએ અનેક પ્રસંગોમાં આપણે સાંભળીએ છીએ. છેવટે આ દયાની ભીખ કે માંગણી પણ વાસ્તવિક તો નથી જ. કારણ કે કાર્યમાં ઈરાદો, ઈરાદામાંયે બદઈરાદો હોય તો પછી તમારી દયાની, દરગુજર કરવાની માંગણી જુઠ્ઠી છે તો સાથે સાથે તમે નિર્દોષ હોવ

ત્યારે પણ દયાની માંગણી એ નિર્બળતાની વ્યક્તતા જ છે. આ બાબતમાં વ્યક્તિ, સમય, સંજોગો, સ્થળ, અકસ્માત, ભૂલ, બનાવની ગંભીરતા આ બધી જ બાબતોનો ખ્યાલ રાખવો જરુરી હોય છે. એને સમજવાની સ્થિતપ્રજ્ઞતા માટેની આવકારદાયક બુદ્ધિમત્તા, ધાર્મિકતા, જરુરી હોય છે તો સત્યને શોધવાની આપણી કોશિષ કામિયાબ નિવડે.

૭) અગમને ગમના દ્વારે લઇ જનાર માર્ગદર્શકની અસંદિગ્ધતા :- આ એક ધાર્મિક પરિમિતીની વિચાર ધારા છે. સંસાર અજ્ઞાનતાથી ભરેલો જ છે પરંતુ સાચું જ્ઞાન શું હોઇ શકે એની જે વાતો શાસ્ત્રોમાં, સંતો અને મહંતો દ્વારા જે વ્યક્ત કરવામાં આવે છે. એમાં અસંદિગ્ધતા એ રહેલી છે કે એ જ જાણે છે એ પરિપૂર્ણ સત્ય છે કે કેમ તેની તેમને પોતાને જ અનુભૂતી થયેલી ઘણી વખત હોતી નથી. વાતોની વડીલાય બતાવવાની બાબતમાં નિષ્ણાતો પોતાને જ્ઞાની માની બેસી લોકોને ઘણી વખત ભ્રમિત કરી નાખે છે તે પોતે શું સમજાવી રહ્યા છે. એ બાબતમાં પણ એ લોકો એટલા સ્પષ્ટ હોતા નથી. ઘણી વખત એવું પણ બને છે કે કોઇ વિરલ સંત, સાધુ ધર્મ સ્થાપક જે વાત રજુ કરી હોય તેને પુરતી સમજ્યા સિવાય, એના અર્થ ઘટનને વિચાર્યા સિવાય. એની પાછળના તેના વંશજો, અનુયાયીઓ, તત્ત્વજ્ઞો પોતાની રીતે જ વાણીમાં વ્યક્ત કરવાની કોશિષ કરે છે. દા.ત. નરસિંહ મહેતાએ "મારી નાગરી નાત ભૂખી ન રહે" આ વાત કેવી વાહીયાત હોય તેમ લાગે છે. કારણ કે એક મહાન સંત આવી કોઇ કોમવાદી વિચારણા જેવી તુચ્છ રજુઆત કરી પોતાની મહાનતાને ન સમજે તેવું ન બને પરંતુ એના નામ કોઇ "કોમવાદી બ્રાહ્મણનું આ વ્યકતત્વ હોય તેવું લાગે છે.



સંત ભવાની દાસના એક ભજનની પંક્તિ છે. "અધર તખ્ત મારો શ્યામ બિરાજે અનહદ વાજા વાગે" લોકોએ એવો અર્થ કર્યો કે ભગવાન ઊંચા આસને બેઠા છે ત્યાં ભવ્ય વાજીંત્રોના અવાજ સંભળાય છે." સત્ય એમ પણ હોઇ શકે છે. જેને પદની પડી નથી પદથીએ જે પર છે પાંચમાં પદમાં જ્યાં પદ જ નથી પદ નિર્વાણની પરિસ્થિતી છે જ્યાં કશું જ નથી. નથી પદ તો નામ, રૂપ ગુણ કશું જ ક્યાંથી હોય. આ નિગુણ નિઃસ્પૃહતાની કોઇ ભૂમિકા સ્થાન જ નથી ત્યાં જ મારો આત્મા આનંદ કરે છે. જ્યાં સત્યતા સાચા સ્મરણના ઝણકારની અનુભૂતી થાય છે. પરંતુ આ બાબતની જાણકારી હોવી એ જ જરૂરી છે. બસ બાપુ જ બનવું છે. ગુરુ જ બનવું છે સેવકો કરવા છે આ સિવાય લોકોને બીજું જોઇતું નથી. પદ, પ્રતિષ્ઠા, પૈસો, પુજાવું અને પ્રસિદ્ધિ માટે ફરતા સાધુઓ પોતાને સંત તરીકે જાહેર કરીને લોકોને શું સત્ય સમજાવતા હશે તે તો તે લોકો જ જાણે આ અસમર્થતાને કારણે દયાની યાચનાઓની પરંપરા વિસ્તૃત બનાવવાની કોશિષ સતત કરવામાં આવે છે. દયાના આપનારની પાસે ખરેખર દિલમાં દયા છે કે કેમ અને હોય તો કેવી અરે ભગવાનની દયામાં પણ સ્વાર્થ છે અને તે એક વ્યાપારીની રીતે જાણે દયાનો વેપાર કરતો હોય એવું ઘણી વખત લાગે છે. દયાનો એ વેપારી શું એક અડાબીડ રાજકારણી હોય તેવો ઘણી વખત ભાસ થાય છે.

૮)ધર્મ ધારાની વિષમતા :- ધર્મ પોતે જ એક રસ્તો છે કેડી છે રાહ છે અને એટલે લોકો ઘણી વખત કહે છે ધર્મની રાહે ચાલો. ધર્મમાં દયા એ મહત્વનું અંગ છે. શાસ્ત્રોમાં, સંતોએ, ભક્તોએ અને અનુભવયુક્ત જ્ઞાનીઓએ રજુ કર્યુ છે. "દયા ધર્મનું મુળ છે." દયાને ત્યજવી ન જોઇએ

જેના દિલમાં દયા નથી એ માણસ પશું કરતાયે બદતર રાક્ષસ પ્રકૃત્તિનો માણસ કહેવાય.

પરંતુ આ દયા સર્વોપરિતાની ભૂમિકાની સાથે આપણે વિચારવાની છે. ચર્ચવાની છે જે વિશ્વનો જ નહિ સારા બ્રહ્માંડનો સ્વામી છે એની દયા માટે પ્રાણી માત્ર તલસે છે. દરેકને ઈશ્વરની પ્રભુની દયા ખપે છે. સામાન્ય દયાનો કોઈ અર્થ નથી જે દયા કે કરુણા તમારા દુઃખ દર્દ, યાતના દૂર ન કરી શકે તમારા જીવનને સુખશાંતિ બક્ષી સમૃદ્ધ આનંદદાયી ન કરી શકે તે દયા માત્ર કરુણારૂપી દેખાવ જ કરી શકે.

લાગણીશીલતા, કરુણા, દયા આ બધી એક જ બાબત હોવા છતાં તમે કોઈ રસ્તે જતી સ્ત્રીને અકસ્માત થાય અને તે રસ્તા વચ્ચે મરણ પથારી પર તરફડતી હોય અને તેનો ૨ વર્ષનો અબુધ બાળક માં, માં કરીને તે ઉઠાડવાની કોશિષ કરતો હોય ત્યારે પથ્થર દીલના માણસને પણ અનુકંપા, કરુણા, આવે છે પરંતુ એથી શું એ બાળકને તેની મા પાછી આપી શકશે ના ! અહીંયા તો સાધુ સંતો, ગુરુજનો અને છેલ્લે સર્વોચ્ચ સત્તાના માલિક એવા ભગવાનની દયાની યાચના કરવાની વાત છે. એ જ તમને બચાવી શકે. તમારા દુઃખ દર્દમાંથી એ જ તમને સુખમય આનંદમય બનાવી શકે અને દરેક જગાએ આ જ દયાની માંગણી થાય છે દયા તો ઈશ્વરના ઘરની પવિત્ર અને મહાન દેન છે. એના સિવાય સુખની શાંતિની ઝંખના શૂન્યવત બની જાય છે. અને ઈશ્વરને એનો અમાપદાતા, દયાનો સાગર, કરુણાનો સાગર એવા અદ્‌ભૂત અલંકૃત વાણીથી નવાજવામાં આવ્યો છે.

તમામ ક્ષેત્રમાં એનું રૂપ જ પ્રકાશમાન છે તેનું નામ જ ગાજતું નામ છે. મૂળરૂપે એ એક જ નામથી પ્રસિદ્ધ છે જેનું કોઈ નામ નથી એવા જ





ગુણ સર્વવ્યાપક છે પરંતુ એની ઉદારતા, સરળતા, કરુણા દયાની વાત બધાએ કઈ રીતે રજુ કરી એ પણ એક નવાઈ જેવું છે. જે દેખાતી નથી પરંતુ તેની દયાની ઝાંખી તમામ પાત્રોમાં સમયાનુસાર, સંબંધાનુસાર, વ્યક્ત થાય છે. આ તમામ પ્રાણીઓમાં એની જ દયાનો કરુણાનો પ્રભાવ છે પછી ભલે પિતાનો માતાનો બહેનની દયાનો દેખાતો હોય એને આદરણીય આવકાર મળે છે.

સંત સાધુની દયા એ એનાથીય મહાન અને માત્ર ભૌતિક સંસારની વ્યવહારિકતામાં જ મદદ રૂપ એટલે જ નહિ સંતોની, ગુરુની દયા તો ભગવાનની કે સગા સંબંધીઓની દયા કરતા ઘણી ઊંચી કક્ષાની દયા છે. જેમાં સ્વાર્થભર્યા કે સમયે વ્યક્ત કરવાની દયાના ઝરણા નથી એ તો નિઃસ્વાર્થભાવે નિઃસ્પૃહભાવે સંસારીઓને તેમજ અમૂલ્ય દયા કે કરુણા દ્વારા આ સંસારની ભયાનકતામાંથી મુક્તિના સાચા દ્વાર બતાવી તેમને ઉદ્ધાર કરે છે. કલ્યાણકારી દયાના તે પાર્ષદો છે. જીવનનું અવતરણ જ લોકકલ્યાણ. પ્રાણી કલ્યાણ માટે જ કર્યું હોય છે. સંતો જ ખરી દયાના કરુણાના સાગર છે. ગુરુની ગતી ન્યારી છે. તેમને અખૂટ કરુણાના કિરતાર કહી શકાય અને તે માત્ર માનવ કે પ્રાણી કલ્યાણ જ ઈચ્છે છે તેમને કશો જ સ્વાર્થ કે વ્યક્તિગત સંબંધ કે ભેદભાવ હોતો જ નથી ધન્ય છે એવા સંતોને અને ગુરુને.

૯) સત્યને વ્યક્ત કરવાની અશક્તિ કે ડર :- સત્ય એ સત્ય છે પરંતુ તમે માનો છે એ ખરેખર સત્ય છે કે સત્યનો આભાસ છે. ઘણી વખત ઘણી બાબતમાં આપણે સત્ય જાણતા હોઈએ છીએ કે આ જ સત્ય છે. પરંતુ ઘણા પરિબળોને કારણે આપણે સત્યને રજુ કરી શકતા નથી. ૧)લોકો આપણા સત્યને માનસે કે કેમ આપણી રજુઆતોનું વજન લોકોની સામે કેટલુ પડશે કારણ કે ઘણી વખત સમાજમાં દુનિયામાં,

સામાજીક, આર્થિક, ભૌતિક, વ્યક્તિના અનેક પ્રકારના વ્યક્તિત્ત્વના કારણો એની વાત નકારી કાઢવામાં હસી કાઢવામાં આવે છે. કોના તરફથી આ વાત કરવામાં આવે છે તેનું વ્યક્તિત્વ જ્ઞાનનું સમજણનું વજન અવશ્ય પડે છે. ભગવાન દયાનો સાગર છે એ કૃપાનિધિ છે એવા અનેક શબ્દોથી તેને જ વ્યક્ત કરવામાં આવે છે તે સાધુ સંતો, ભક્તો, અનુભવીઓ તરફથી રજુ કરવામાં આવ્યું હોવાને કારણે અને અનેક લોકોને ભક્તોને સંતોને એના અનેક પ્રકારના અનુભવો થયા હોય તો તેવાની વાત અને વિચારણાને માન્યતા અને સ્વીકૃતી મળે છે. પરંતુ સામાન્ય માણસની જો આ વાત હો તો એને માન્યતા જ ન મળી હોત ત્યાં સ્વીકૃતીની તો વાત જ કયાં કરવી આમ ભગવાન દયાળું છે એ અનુભવયુક્ત માનવની વાતોથી છે. છતાં ઘણી વખત જે વ્યક્ત કરશું એ સાચું જ હશે કે નહિ હોય એવી આશંકાના કારણે સત્યને વ્યક્ત કરવાની અશક્તિ આપણને શંકાસ્પદ સત્યને વ્યક્ત કરતા રોકે છે. એટલું જ નહિ તેવા સત્યને વ્યક્ત કરવાની શંકા જ ડરને પેદા કરે છે અને તે એવા સત્યને રજુ કરી શકતા નથી. છેવટે જ્યારે કોઇ મોટી હસ્તીએ જ વાતને આપણી માન્યતા પ્રમાણે રજુ કરે છે ત્યારે આપણે કહીએ છીએ હું તો આ પહેલેથી જાણતો અનુભવતો હતો. પરંતુ તે સાચું હશે કે કેમ તેની આશંકાને કારણે રજુ કરવાની મારી અશક્તિના કારણે હું ચૂપ હતો અને મને એ ખોટુ હોય તો એવો ડર પણ હતો. આમ સત્યને રજુ કરવાની અશક્તિ કે ડર આપણને રજુ થવા દેતા નથી.

૧૦) મન બુદ્ધિથી આવિષ્કૃત રજોગુણ :- આમ તો મન કરતા બુદ્ધિને રજોગુણ સાથે વધારે સંબંધ છે મન માત્ર કલ્પનાઓના ઘોડા પર



બેસીને અવિરક્ત દોડે છે. એને નિરાંત નથી તેને દયા, માયા, મમતા, કરુણા આવી બધી બાબતમાં રસપણ ઓછો હોય છે એથી એની ભાવનાત્મકતા સામાન્ય બની જાય છે. જ્યારે બુદ્ધિને રજોગુણી માયા સાથે વધુ સંબંધ હોય તે દયાની બાબતમાં બદલાની ભાવનાવાળી કરુણા માટે વિચાર કરે છે એને રજોગુણની સાથે એટલો સંબંધ છે કે લાભાલાભનો પહેલો વિચાર કરે છે. બુદ્ધિ સ્વાર્થમયતાથી વધારે વ્યાપ્ત છે. અને રજોગુણથી પ્રભાવીત હોવાથી તે દયાને કે કરુણાની ગણત્રી કે સંબંધ પોતાને યોગ્ય લાગે તો જ કરે છે. બુદ્ધિ તત્ત્વ કરતા જો ઐસવરીય ભાવનામાં વ્યાપ્ત હોય તે તે ચિત્તની છે. અને તે આદરણીય પણ છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારમાં, ચિત્ત જ ઉત્તમ છે. અને દયાની ભાવનાને બહું જ સારી રીતે સમજે છે અને નિઃસ્પૃહ અને નિરાભિમાની ભાવથી કરુણાને આવકારે છે તેમ જ કરુણામય બની શકે ચિત્તની વૃત્તિની નિર્મળતા સાથે દયાળું હોય છે. જ્યારે બુદ્ધિ સમય સંજોગો પ્રમાણે દયા જાગૃત કરી શકે છે દયાને સમજી શકે છે. દયાથી વર્તી શકે છે. પરંતુ એ જ બુદ્ધિ પોતાની કાર્યમાં પદ્ધતીમાં જે દયાનો ભાવનો ઉપયોગ ક્યાંક ક્યાંક માનવ કલ્યાણ માટે કર્યો હોય કે તેનાથી થયો હોય તો પણ તે રજોગુણથી વ્યાપ્ત હોવાને કારણે અભિમાનમાં આવી જવાની શક્યતા વધુ છે. અને એથી જ દયાની દૃષ્ટિ અને મહત્તા ઘણી વખત બુદ્ધિના સ્વાર્થી વ્યવહારને કારણે સામાન્ય બની જાય છે કે તેની મહત્તા ઘટી જાય છે.

૧૧) ધર્મ પ્રત્યેની પ્રતિબદ્ધતા :- વિશ્વના તમામ ધર્મો, ધર્મશાસ્ત્રો, સંસ્કૃતિએ ધર્મમાં નીતીમત્તાને મહત્વ એટલા માટે આપ્યું છે કે જે ધર્મમાં નીતી વિષયક વિચારણા નથી એના મુલ્યાંકનની કોઇ ભાવના નથી તેવા ધર્મનો કોઇ અર્થ ધર્મ જ નિતીમત્તાને કારણે છે નીતીમત્તાના વિશેષ

આલેખનો કર્યા સિવાય નીતીધર્મ એ જ ધર્મનો પાયો છે જે ધર્મમાં નીતી નથી તેવો ધર્મ તેવી સંસ્કૃતિ દુનિયા માટે કોઇ જ કામની નથી. એવી સંસ્કૃતીની આયુષ્ય રેખા ખરેખર ટુંકી જ હોય છે. દરેક ધર્મ સંસ્કૃતીમાં નીતીના મૂલ્યાંકન ત્યારે વધે છે. કે જ્યારે તેમાં દયાનો કરુણાનો ઉમેરો થાય છે. સત્યબોલો, સત્યવર્તો જીવન ધાર્મિકતાથી ભરીદો પરંતુ દરેક નીતી મત્તામાં દયાની મહત્તા મહત્તમ હોય છે. ન્યાયતંત્ર, વ્યવસ્થાતંત્ર, રાજનીતી, સમાજનીતી ધર્મનીતી અરે એવી તો કંઇક નીતીઓ દયાવીહીન બની જાય ત્યારે તેનું મુલ્યાંકન એકદમ ઓછુ થઇ જાય છે. એટલે જ કહેવામાં આવ્યું છે કે દયા જ ધર્મનું મૂળ છે. આ મૂળનો મૂળભૂત હેતું હૃદયની ઉદારતા કરુણાની ભાવના બતાવવાનો છે અને ઇશ્વર કે જેને આપણે ભગવાન કહીએ છીએ તે આના પ્રેરણાશ્રોત છે. જેના પ્રેરણાશ્રોત જગતના નાથ હોય અને એના જ કારણે વિશ્વ કે બ્રહ્માંડમાં દયા વ્યાપેલી છે તે તેનું જ કારણ છે એ ન હોત તો આ દયા માયા, મમતા, કરુણા, ક્યારનીયે ઓગળીને વરાળ થઇ ઊડી ગઇ હોત. દયા જેમ ધર્મનો આદાર સ્તંભ છે તેટલો જ તેથી વધુ દયાનો આધારસ્તંભ એ પરમકૃપાળુ પરમાત્મા છે એને હંમેશા પરમદયાળું તરીકે નવાજવા આવકારદાયક અને આવશ્યક છે.

આ તો બધુ ઘણુ વિવરણ કર્યા પછી લાગે છે કે મારા વિચારોમાં વિષયાન્તર થઇ ગયું હોય એવું લાગે. ના એવું નથી ભગવાન માટેના ત્રણ પગથીયા, જે પ્રથમ મે વ્યક્ત કર્યા છે. ૧) દયાનો સાગર છે. ૨)સર્વોચ્ચ કક્ષાનો ન્યાયાધીશ છે. ૩)એ એક સરમુખત્યાર છે. આ ત્રણની બાબતને વિચારણામાં ધર્મ, માનવજીવન, સંતો, શાસ્ત્રો બધા એને દયાનો સાગર જે રીતે માને છે એ શું છે ? એ કથન કેટલે અંશે સાચું છે એની જ મહત્વપૂર્ણ





છણાવટ ભગવાન દયાનો સાગર છે એની બાબતમાં કરવાની ઇચ્છાને રોકી ન શક્યો. એથી આ પુસ્તક કે વિચારણા **What is God ?** લખવાની સાહસકથા શરૂ કરી. લોકોની માન્યતા, ધર્મની માન્યતા, સંસારની વિષમતામાંથી મુક્ત થવાની ઝંખના સંતો અને મહંતોના મંતવ્યો એમનો પ્રચાર, પ્રસાર, ની વાસ્તવિકતા એમના આ બાબતના અનુભવોમાંથી પ્રતિપાદીત થતી ઘટનાઓ, એમાંથી ફલિત થતી અનુભૂતિની આવશ્યકતા અને પ્રાપ્તિ શું પ્રાપ્ય થયું. અને એમાં દયાએ કરુણાએ શું ભાગ ભજવ્યો, શું દરેક વસ્તુ દયા કે કરુણાથી પ્રાપ્ત થાય છે. **God is sea of mercy** ૧) પ્રથમ તો એને દયાનો સાગર કહેનારાઓને એ કંઇક કે કેટલા અંશે લાભ કર્તા નિવડ્યો હશે એ સમજવા જેવું છે. એને પ્રાપ્ત કરવાના એટલે કે એની અનૂભૂતી કરવાના પ્રમાણ એ ઇતિહાસ છે કે ધર્મશાસ્ત્ર.

ઇતિહાસ એ આયોજન બદ્ધ રજુ કરવામાં આવતી. લોકમાન્યતાઓને પુરસ્કૃત કે પ્રોત્સાહીત કરતી વ્યક્તિ ગાથા, કે કુટુંબગાથા છે. એમાં એના સમયના ધર્મને અનુરૂપ આદર્શોને વધારવાની વિચારણા સહ રજુઆતો છે.

આધ્યાત્મિકતા ચમત્કારોમાં માનતી નથી. પરંતુ ધર્મના ઇતિહાસમાં વ્યક્તિની ધર્મના, ધર્મની પુનઃજીવિત વિચારણા કરવા વાળા દુરદેશી વિચારકો પોતાની બુદ્ધિમત્તા, અનુભવ, અભ્યાસના આધારે. એક આકર્ષક વ્યક્તિવાદી સંગઠનના જોરે ચમત્કારીક વાતોને પ્રસિદ્ધ કરવામાં તેમના આદ્યગુરુ જે બસો પાંચસો હજાર કે વધુ આગળના સમયમાં થઈ ગયા હોય તેમના દ્વારા થયેલા વિશેષ કાર્યો તેમની આત્મશક્તિથી થયેલા હોય જે સામાન્ય માનવ માટે જ નહિ બુદ્ધિશાળી, તર્કબદ્ધ માનવ માટે કંઇક

આશ્ચર્ય ઉપજાવે તેમની કક્ષાએ અદ્ભૂત કે અશક્યતાને શક્ય બનાવવાની જે ધારા, માન્યતા, સ્વીકૃતી છે તે જ માનવજીવન માટે ચમત્કાર છે.

ધર્મના ઇતિહાસમાં દરેક સ્થળે દરેક ધર્મસ્થાનોમાં તેના આદ્ય દેવદેવીઓને માટે જાણે આ બાબત અનિવાર્ય જ હોય તેમ તે જગાના આદ્યસ્થાપક કે તેના પછીના વ્યક્ત કરાતા સાધુઓના જીવનને વધુ પ્રભાવીત બતાવવા હોય યાને કે દર્શાવવા હોય તો તેમના જીવનના કોઇ પ્રસંગોને ચમત્કારિક રજુ કરવાની માન્યતાસભર ગણત્રીવાળાઓને માટે આવશ્યક રહે છે અને એથી જ ધર્મના ઇતિહાસમાં ઘણી વખત વ્યક્તિની વિશિષ્ટ શક્તિ દર્શાવવા ચમત્કારોની હારમાળા સર્જાય છે.

આધ્યાત્મિકતા આનો આદર નથી કરતી. ધર્મ અને તેનો ઇતિહાસ એનો આદર કેમ કરે છે તે સમજાતું નથી. ઇતિહાસ એ સમયના અને સત્તાના અનુસંધાન પર જાણે ચાલતો હોય તેવું ઘણી વખત લાગે છે. ધર્મના ઇતિહાસમાં પણ ઘણી વખત અસંદિગ્ધ બાબતોની રજુઆતો એ સત્યથી દૂર એવી ભ્રમણાઓ ઊભી કરે છે જે ખરેખર ધર્મની ભાવનાનો વિચ્છેદ કરે છે.

ત્રિકમ સાહેબ એક દલિત સમાજના સંત તેમના ગુરુ ખીમસાહેબ સવર્ણ સમાજના, આ ખીમસાહેબના સવર્ણ સમાજના શિષ્યો, દ્વારકા અને બેટ દ્વારકાની યાત્રાનું આયોજન આ લોકોએ કર્યું ત્રિકમસાહેબ ખીમસાહેબ તેમના ગુરુ હોવાને કારણે અને તે યાત્રા સંઘમાં ખીમસાહેબ જતા હોવાને કારણે તે સંઘમાં જવાની ઇચ્છા દર્શાવી ખીમસાહેબે સવર્ણ સમાજના સેવકોને ત્રિકમસાહેબની આ ઇચ્છા દર્શાવી સવર્ણ સમાજના શિષ્યોએ ત્રિકમસાહેબને પછાત હોવાને કારણે ના પાડી. ત્રિકમ સાહેબે જણાવ્યું કે હું તમારાથી દૂર ચાલીસ અને ખીમસાહેબ પેલા લોકોની અર્ધ સહમતી સાથે





દૂર ચાલવાની શરત સાથે હા પાડી.

પ્રશ્ન એ થાય છે કે આવા સંતો જે સ્વીભાણ સંપ્રદાયતા પ્રસિદ્ધ સંતો જો પોતાના સેવકોમાં રહેલા કોમવાદના બીજને દૂર ન કરી શકતા હોય તો યા તો તેમણે ગુરુપદનો ત્યાગ કરવો જોઇએ તો આવા કોમવાદી માનસવાળા સવર્ણ શિષ્યોનો ત્યાગ કરવો જોઇએ. આવા કોમવાદી ધર્મ ઇતિહાસો બતાવીને બનાવીને કઇ કલ્યાણકારી પ્રવૃત્તી આ લોકોએ કરી માત્ર સારા ભજનો બનાવી અને આત્મજ્ઞાની સંત હોવાની ચેષ્ટા એ ધર્મનું, સાચા સંતનું અપમાન નથી ઇશ્વર દયાળુ જ હોય તો એણે સત્યના પ્રયોગની રીતે સાચા સંત તરીકે સવર્ણોને અને ખીમદાસજીને એની સભાનતા કરાવવી જોઇએ આવા ઇતિહાસો એ ભ્રમણાઓ ઊભી કરે છે.

ભગવાન દયાળું છે તો શંબુક અને શબરીમાં શું ફેર હોઇ શકે એકને મહાન ભક્તાણી હોવાનું વ્યક્ત કરી તેના એંઠા બોર ખાય છે. અને બીજી બાજુ શંબુક શુદ્ર હોવાથી રાત્રે એમના ગુરુ યોગવાશિષ્ઠ જે ખુદ દલિત સમાજમાં માણસ હોવા છતાં એ તપના કારણે રઘુકુળના કુલગુરુ કે રાજગુરુ બને છે આવા ઇતિહાસો શું સુચવે છે.

મહાભારતમાં વ્યાસને ભગવાન તરીકે વ્યક્ત કરવામાં આવ્યા છે તે ખુદ પરાશર ઋષિ કે જે ખુદ દલિત સમાજના હતા અને તેમના મચ્છગંધા (પાછળથી સત્યવતી) નામની ભીલ કન્યાના સંપર્કથી જન્મેલા અને પાછળથી તેમની જ મંત્ર શક્તિ (એવું વ્યક્ત કરવામાં આવ્યું હોય બાકી નાદના  નહિ પણ બુદના) દ્વારા આખું પાંડવ, કૌરવકુળ એ સમયના હિન્દુસ્તાનના મહાશક્તિશાળી ચક્રવર્તી રાજકુળ તરીકે વ્યક્ત થાય છે આ બધી ભ્રમણાઓ ઊભી કરતી હિન્દુ ધર્મમાં રહેલી ઇતિહાસ કથા. કંઇ દયા ધર્મને આધારિત છે.

કર્ણ જેવા નિર્દોષને મજબૂરી ભર્યું જીવન આપનાર માતા કુંતા સતીત્ત્વની કંઇ મિશાલ સળગતી રાખી અને ભગવાન તરીકે હિન્દુ ધર્મમાં પ્રમાણિત થયેલા કૃષ્ણે કંઇ દયા કર્ણ માટે દાખવી. ભૂલ કરનારને કંઇ નહિ અને નિર્દોષને શિક્ષા આ ઇશ્વરનો કેવો ન્યાય કે દયા કહેવી.

ભગવાન દયાળું છે એ વ્યક્તતામાં ડર મહત્ત્વની ભૂમિકા ભજવતા હોય તેવું લાગે છે એની સાર્વભૌમત્વ સત્તાની બીકના કારણે એને દયાળું કહીને નવાજીને જાણે ભગવાન બનેલા, ભગવાન તરીકે અવતરણ કરી ચૂકેલા મહાનુભાવની રાજીને જાગૃત કરવાની એક ઇચ્છા તૃપ્તિને જાણે પ્રદર્શિત કરવામાં આવતી હોય જેની બીક હોય તેના માટે તેના જીવન વ્યવહારની વાસ્તવિકતા બીકના માર્યા જ વ્યક્ત કરવામાં આવતા નથી અને એથી જ એની બીનજરૂરી પ્રશંસા કરી એને દયાનો સાગર છે એમ દર્શાવી એની અવકૃપામાંથી બચી એની આવી કદમપોશી એ એના વિશાલ સામ્રાજ્ય અને અફાટ શક્તિને કારણે જાણે તેને દયાના સાગર તરીકે વ્યક્ત કરવામાં આવે છે. માનવામાં આવે છે. સ્વીકારવામાં આવે છે એવું લાગે છે. જેનો જેવો જમાનો, જેની જેવી સત્તા, સંગઠન, શક્તિ, સંપત્તિ એના જ ગુણગાન ગાવામાં આવે છે એ ઇતિહાસ છે એ જ ધર્મ છે એ જ જાણે ધર્મનો ઇતિહાસ છે.

ભગવાનને દયાનો સાગર કરુણાનીધી તરીકે વ્યક્ત કરવામાં સામાન્ય માનવ જીવો તો પોતાને સંત, ભગત, જ્ઞાની માનતા મનાવતા, રજુ કરતા, થતાં લોકોની વિદ્વતા વિચારધારાના માત્ર અનુસરન કરનારા જ હોય છે તમામ યુગમાં સમયમાં એને દયાના સાગર તરીકે એની પાસે એની દયાની





ભીખ જ માંગવામાં અને દયા જ મહાન છે સંતો સાધુઓએ પણ આજ વ્યક્ત કર્યું છે. દયાથી, કૃપાથી જ બધુ થાય છે. દેવની, પ્રભુની સંતની ગુરુની કૃપા એ તો સંસારના તમામ ક્ષેત્રોમાં અતિ આવશ્યક છે પરંતુ સંતોની કૃપા કે ગુરુની કૃપા એ પરમપદની અનુભૂતી માટે છે. મોક્ષની પ્રાપ્તિનો માર્ગ ખુલ્લો કરે છે. પરંતુ એની પાસે એટલે ગુરુ કે સંતની પાસે આ એક જ સત્તા છે અને એટલે જ એને ગુરુ કે સંત કહેવામાં આવે છે. ખરેખર દયાના સાગર તો સાચા સંત જ છે એમને બીજી સત્તા કે સમર્થતાની કશી જ ખેવના નથી ન તો તેમને કંઇ મેળવવું છે. તે તો આપવા માટે જ આવેલા છે. તે સત્તા સામર્થથી પર છે એમની પાસે કોઇ દયાની ભીખ માંગતું જ નથી તે તો દયા આપવા માટે આવ્યા છે એટલે દુનિયામાં દીન દુઃખી સુખીયા તમામ માટે એમણે ભેદ રહીત કૃપાની જ વહેંચણી કરી છે કરે છે સંત બડા પરમાર્થી જીસકા શિતળ અંગ પંડ પીડા વ્યાપે નહીં રહે સદા આનંદ ઉમંગ.'' આવા સાચા સંતો મળવા મુશ્કેલ છે. છતાં પણ યુગે યુગે એવા સંતોનો પ્રાદુર્ભાવ થયો છે જે ભેદ રહીત ગંગા વહાવી ગયા છે અને સત્યને સમર્પીત થઇ. સત્યના રાહને દુનિયા સમક્ષ ખુલ્લા મુકતા ગયા છે.

ભેદથી ભ્રમિત થતા સાધુઓનો તો અત્યારના જમાનામાં રાફડો ફાટ્યો છે તે લોકોને પણ ભ્રમિત કરે છે આ સારુ નથી તેમની દયા ભાવના પણ સ્વાર્થી કે બનાવટી હોય છે તેમનાથી માનવ જીવનનો કોઇ ઉદ્ધાર થવો શક્ય નથી દયા એ તો એવું ઝરણું છે. એવો પ્રવાહ છે એ જેને પ્રાપ્ત થાય છે એ ખરેખર ન્યાલ થઇ જાય છે. હા સર્વોત્તમ શક્તિના સ્વામી તરીકે ભગવાન પણ એના અધિકૃત અધિકારી છે. એ દયા આપી શકે છે દયા રાખી શકે છે એની દયા આપવાની પદ્ધતી થોડી અસંદિગ્ધ એટલા

માટે છે કે કરુણા આપતા પહેલા કસોટીની અપેક્ષા વધુ રાખે છે. કસોટીની કારમી વ્યવસ્થા એ એની પોતાની આગવી રીતની હોય છે. એથી એ પ્રાણીની ધીરજ ઘણી વખત ખુટી જવાની શક્યતાઓ ઊભી થાય છે એવા ઘણા દાખલાઓ છે શેઠ સગાળશા ચંગાવતી, હરિશ્ચંદ્ર તારામતી, મયુરધ્વજ આવા તો અનેક ભક્તોને કસોટી એ ચડાવ્યા છે પછી દયાના અધિકારી બતાવ્યા છે. આ ઈશ્વરની દયા આપવા માટેની યોજના છે એને કોઈ જાણી શક્યું નથી પરંતુ એથી એને દયાનો સાગર કહીને લોકો, વહાલ કરે છે અરે ભાઈ તારા જ બનાવેલા પાત્રોને કસોટીએ ચડાવીને તું કેવા પ્રકારના વ્યવહારની સ્પષ્ટતા કરે છે. એ તને કાયમ યાદ કરે તારા હરદમ હર હંમેશ ગુણગાન ગાય જેમ નારદને બ્રહ્માંડના વિશાળ ફલકના જાસૂસ તરીકેનું કામ સોપ્યું અને તારી કૃપાએ તેને કાયમ ઘરબાર બૈરા છોકરા વગરનો રખડતો કરી નાખ્યો શું એણે તારી પાસે આવી કૃપા માગી હતી કે તે ખુશ થઈને આપી! આવી કૃપા આપીને તું દયાનો સાગર બન્યો, કોને કેવી કૃપાના તે અધિકારી બનાવ્યા. કોઈને ગણપતિ બનાવ્યા છે તો કોઈને નંદી બનાવ્યા છે. કોઈને સ્મશાનના દેવ બનાવી દીધા છે અને મહાનતા ભર્યું નામ આપી દીધું છે કેવી કેવી કૃપાનો તું પ્રયોગ કરે છે.

હે દયાના સાગર તરીકે પ્રસિદ્ધિ પામનાર અજીબ ન્યાયની પ્રણાલીના કર્તા. સાર્વભૌમત્વ સત્તાના એકમાત્ર સત્તાધિશ. તું હંમેશા દયાના ઝરણાને વહેતું રાખ અને લોકોના તારા એ ઝરણામાં તારી ઈચ્છામાં આવે તેને સ્નાન કરવા દે તેવા આ જાદુગર જેવી કાર્ય પદ્ધતી વાળી દયા ખરેખર તને દયાના સાગર તરીકે વ્યક્તતા આપવા માટે શું યથાર્થ છે? દુનિયામાં દંભીઓની હારમાળા સર્જાય છે. ચાવવાના અને બતાવવાના જુદા જુદા



દાંતોથી ભરપુર પ્રાણીઓની અહીંયા બોલબાલા છે. પરંતુ સરળ, નિર્દોષ, પ્રાણીઓ, માનવો બીકના માર્યા એમને પણ કંઈ કહી શકતા નથી. જો કે એમની સત્તા તારી જેટલી વિશાળ નથી. પરંતું જેટલી એમની સત્તા છે અને જે વિસ્તારના તે સત્તાધિશ હોવાને કારણે તેમની વસ્તીમાં રહેવું હોય તો એમની કદમ પોશી કરવી પડે છે નહિતર ખતરો ઊભા થવાની શક્યતાઓ વધી જાય એટલે એમની દયાની માંગણી પણ કરવી પડે છે. આવા અને આટલા નાના સત્તાધિશની ધાકથી બચવા તેની દયાની ભીખ માગવી પડે છે તો તારી તો સત્તાની વાત જ ક્યાં કરવી જ્યાં જ્યાં નજર મારી પડે અરે નજર પડે કે ના પડે ત્યાં ત્યાં તારી સત્તાનો સાગર ઘૂઘવાય છે. જેને ઘૂઘવતા સાગરને બદલે દયાના સાગર તરીકે ઓળખવામાં કે ઓળખાવવામાં તારા જ માણસો પ્રાણી જીવનને મજબૂર કરે છે. તેમ ન કરવામાં આવે તો તારા પહેલા તારા જ દલાલો જેવા માણસો સામાન્ય માનવ જીવનને ધિક્કારી વેરવિખેર કરી નાખે હા એ સાચુ કે સાચા સાધુઓને સાચી દયા આવે છે ત્યારે એ એવા પ્રાણીઓના બચાવ માટે પ્રયત્નશીલ રહે છે જે સંતોની કોઈ પ્રાણીને કોઈ બીક નથી અને એથી જ એની સાચી દયાની યાચના માટે કોઈ પણ જાતના ભય કે સંકોચ વગર તેમની પાસે જાય છે અરે ભલા તારી અનેક યુક્તિપ્રયુક્તિ ભરેલી દયાને મેળવવી હોય તો પણ તું તો ક્યા મળે એનું કશું જ નક્કી નથી હોતુ અને એથી જ તારી પાસે માંગતા પહેલા સો વખત વિચાર કરવો પડે અને તે પણ મળશે કે કેમ તે એટલું જ શંકાસ્પદ છે.

તારા માટે તો એક માળી પોતાના બગીચામાંથી ફૂલ વીણતો હોય અને ફૂલને તોડવાની કે ચૂટવાની જે સાહજીકતા તેના મગજમાં હોય એટલી જ શાહજીકતા તારા વસાવેલા, સર્જેલા સંસારરૂપી બાગના પાત્રો રૂપી

જીવોની ઉપર શું પ્રયોગો કરવા તેને કઈ રીતે રાખવા, ક્યારે ચૂટવા, વીણવા, બાગમાંથી દૂર કરતા એ બધી તારા રમતને કોઇ કંઇ કહી શકે તેમ નથી, તને ઠપકો તો ઘણો, બધો ઘણા બધાએ આપવો છે કે તું ખરેખર દયાળુ છે ખરો પણ તુ મળે છે જ ક્યાં, અને મળે તો પણ તુ કોઇનું સાંભળવા ક્યાં તૈયાર છું. તુ માત્ર તારી પ્રસંશા કરનારનું થોડુ ઘણુ સાંભળતો હોય તે પણ કાયમ એમાં ઓતપ્રોત રહેતો.

મરઘા, બતકાના ઉછેર કરનાર મહાસર્જક તું મહાવિનાશક તરીકે પ્રસિદ્ધ થવો જરૂરી હતો. તને તારા સર્જેલા ઉછરેલા તારા આ મરઘા બતકા જેવા અનેક જીવોનું પાલન કરીને એક યા બીજા બહાને તેને કેટલી યાતનાઓ આપે છે. અને તેમના જીવનમાં સુખ શાંતિની સામે કેટલી ઉપાધિઓ દુઃખ દર્દો ભરી દે છે જે જોતા જ એમ થાય છે કે તુ દયાળુ છો એમ કહેવું એના કરતા સર્જનની સામે જોયા વગરનો વગર વાંકે શિક્ષા દેતો સરમુખત્યાર હો તેવું લાગે છે.

એક બકરીનું બચ્ચુ એક નદી કિનારે પાણી પીવા ગયું સામે કિનારે એક વરુએ તેને જોયું અને કહ્યું કે બકરીના બચ્ચા તારુ પીધેલા પાણીનો પ્રવાહ આ બાજુ આવે છે શું મારે તારું એંઠુ પાણી પીવું! બકરીના બચ્ચાએ કહ્યું બાપુ તમારી બાજુનું પાણી આ બાજુ આવે છે. ત્યારે વરુએ કહ્યું હા હા. પરંતુ છ મહીના પહેલા તુ મને ગાળ દઈને ભાગ્યું તું તે જ તુ છે. ત્યારે બકરીના બચ્ચાએ કહ્યું ના બાપુ હજી તો હુ માંડ ત્રણ મહીનાનું જ થયું છે તમને મે ગાળ કઈ રીતે દીધી હોય. પરંતુ જેને શિકાર જ કરવો છે તે તો ગમે તે બહાનું કાઢે. હા હા તું નહિ તારા બાપે ગાળ દીધેલી. એમ કરીને વરુએ બકરીના બચ્ચાને ફાડી ખાધુ ઘણી વખત તારો ન્યાય જેને તું





કહે છે તે વ્યવહાર આવો હોય છે.પછી તને કઈ રીતે દયાનો સાગર કહેવો કે એવા તખલ્લુસથી નવાજવો.

તું દયાનો સાગર હોઈશ તો માત્ર તારા સર્જનમાં મૂકેલા તારી સેવાના પુજારી માટે. બાકી તો તુ બધાને પ્યાદા જ ગણે ને ! કારણ કે તારાથી જ તૈયાર થયેલ. તારી જ રમતના રમકડા મારા પ્રભુ તુ કેટલા અંશે દયાનો સાગર હોઈ શકે. માંડ ૨૦ % જેટલા પુરતી તારી પાસે દયાનો ભાગ હોઈ શકે. સૌ સૌના હિસાબે તુ ક્યારેય દયાળુ બની શકતો નહિ હોય. ઘણા ઘેરાય ગયેલા, ફસાય ગયેલા ત્રાહીમામ થયેલા ને જોઈને એવું થાય છે કે આ બિચારાઓનો શું ગુનો હશે, ત્યારે તું એમના કર્મના દોષનો વાંક કાઢવાનો, પણ કરાવનાર તું છો કે કોઈ અન્ય મારા ભગવાન તું તો ખરેખર દયાળુ હોય તો કામને માત્ર એના પ્રમાણસર જરૂરીયાત પુરતો જ આપ બાકી બીજા બધી વાસનાઓમાંથી તમામ પ્રાણી જીવનને મુક્ત ભક્તિની દૃષ્ટિ આપ તારે તો સમતાભાવે અને સમભાવે પ્રાણીઓને જીવન અર્પી એની ઉંમર થયે જે લોકોમાંથી લાવ્યો હોય, મોકલ્યા હોય ત્યાં મોકલી દેવા વસ્તી બાબતમાં તારે કંટ્રોલ કરવાનો એનો પણ અતિરેક ન થાય આ બધી વસ્તુ તો તુ કરી શકે એમ છે પછી બીજી રમતો માંડવાની શી જરૂર છે.

લોકો શ્રેષ્ઠ ન્યાયાધિશ પણ કહે છે આ પણ એક એવી બાબત છે કે જેમ તારે માટે દયાના સાગરની ઉપમા આપી છે એમ તને સર્વોચ્ચ ન્યાયલયનો સર્વોચ્ચ ન્યાયાધિશ કહેવામાં આવે છે. કુદરતને ઘેર દેર હે અંધેર નહીં હે. આ સુવાક્ય તારા માટે જ ખાસ તો રજુ કરવામાં આવે છે. પરંતુ તારી ન્યાય પ્રથા માટે લોકોને કેટલો સંતોષ હોઇ શકે છે એ પણ વિચારવા જેવું અને વિવાદાસ્પદ છે જ.

૧) ન્યાય પદ્ધતી વ્યવહારુ, બુદ્ધિગમ્ય અને ઉચિત હોવાની આશંકા ઊભી થાય છે.

૨) દોષીત નિર્દોષનો તારો દ્દષ્ટિબિન્દુ સત્ય કે વાસ્તવિકતાથી ઘણી વખત દૂરનો લાગે છે.

૩) સત્યને જાણવા છતાં, ઈરાદાપૂર્વક લોકરજીત ચૂકાદો આદરણીય નથી બની શકતો.

૪) ન્યાય, અન્યાયની, ભૂમિકાનું સર્જન શાને માટે કરે છે એનાથી કોને શું મળે છે.

૫) ન્યાયમાં, દયા, માયા, કરુણા ગૌણ હોવા છતાં એમાં ઊભરાટ જોવા મળે છે.

૬) ન્યાયની તારી દ્દષ્ટિ હંમેશા વિવાદાસ્પદ ચૂકાદાવાળી રહી છે. જેને તું સત્યાર્થે સંભાળી શકે છે.

૭) પરમશક્તિ કે સર્વોચ્ચ શક્તિમાન હોવાને કારણે ન્યાય, અન્યાયની ભૂમિકાનું સર્જન એ શું તું નથી, તારા આવા ભાવો અને ભક્તિ સર્જન કરવાની ક્યાં જરૂર હતી.

૮) કાર્ય, કારણ તું જ ઊભુ કરે છે પછી પ્રાણીઓને એમાં જોતરવાની તારી કંઈ નીતી મત્તા અને ધ્યેય કાર્યરત બને છે જેથી અનિચ્છાએ કે અજાણે તેમાં જવાબદાર બને છે.

૯) ભ્રમણા ઊભી કરવાની તારી કળા સત્યને અગમ બનાવવાની તો નથી ને.





૧) ન્યાય પદ્ધતિ વ્યવહારુ બુદ્ધિગમ્ય અને ઊચિત હોવાની આશંકા ઊભી થાય છે. જોકે તારે અને વ્યવહારને કોઈ જ સંબંધ હોતો નથી. કહેવાનો અર્થ એ નથી કે તુ તદ્દન અવ્યવહારુ છે પરંતુ બુદ્ધિ તત્ત્વથી તો તું સંપૂર્ણ રીતે પર છે એવું શાસ્ત્રો કહે છે મન, બુદ્ધિ ચિત્તને અહંકાર એમાં તારે તો ચિત્ત અને ચેતનશક્તિ કે ચૈતન્યની સાથે સંબંધ છે અન્ય મન, બુદ્ધિ અહંકારથી તુંપર છો તું પોતે જ બુદ્ધિદાતા છું. પછી એના પ્રમાણે તુ વર્તી જ ન શકે. તારુ રામાયણમાં વાલીને મારવાનું વ્યવહારુ નહોતું એવું વાલીનું કથન જ અવ્યવહારુ હોવા છતાં એને કૃષ્ણા અવતારમાં બદલાની ભાવનાથી વ્યક્ત કરી એના હાથે તારુ મૃત્યુ શું વ્યવહારુ હતું. તું તો સર્વસત્તાધિશ છો. પછી આવી બદલાની ભાવનાથી શું સત્ય સમજાય, તું તો સર્વવ્યાપી શક્તિ છે. તું ન્યાય માટે બેઠો છું ત્યાં બદલાની વાત ક્યાંથી આવી.

તે શંલુકને માર્યો એ પણ ન્યાયી કે બુદ્ધિગમ્ય નથી, રાવણ વધમાં વિભિષણના સહકાર, સલાહ, સાથ લેવો એ શું તારી જેવા શક્તિમાન માટે ઊચીત કે ન્યાયી હતો ? ના.

૨) દોષ કે નિર્દોષનો તારો દ્દષ્ટિબિન્દુ સત્ય કે વાસ્તવિકતાથી ઘણી વખત દૂરનો ભાસે છે. મહાભારતમાં કર્ણના પાત્રનો વિચાર કરતા એમ લાગે છે કે કુંતાથી ઉપજેલા કર્ણનો તો કોઈ દોષ જ ન હોતો. દોષ હોય તે કુંતાનો હતો. ખરેખર એ બધાનો તારી સમષ્ટી અને શક્તિ આવી બાબતો ઊભી કરે છે. એમાં તારો જ દોષ વધુ લાગે છે. તુ માને તે સંસ્કારી સજ્જન, સત્યપાલક અને તેના જ લોહીમાં તું વિચ્છેદ પાડી એનો છેદ ઉડાડી દેવાની તારી કંઈ ન્યાય પદ્ધતી કામ કરે છે એ સમજી શકાતુ નથી. બધુ સમુસુતરુ ચાલતું હોય સુમેળ ભર્યું સંસ્કારી કુટુંબ હોય ત્યાં કેવા તરંગી

પાત્રોની આભા ઊભી કરે છે રામાયણની મંથરા, કૈકયી, તારી જ હાજરીમાં જંગલમાં વૈરાગ્યમાં રહેનાર સીતાને એ માયાવી મૃગનું આકર્ષણ શું એ સત્ય હતું ન્યાયી હતું. તારી પતિવ્રતા આજ્ઞાકારી સ્ત્રીને સત્ય સમજાવી એને વાળવાની તારી ફરજ ન હોતી એ તો એક મહાન પતિવ્રતા શક્તિ હતી કે તારી આજ્ઞા કે ઇચ્છાની અવગણના થશે એવી ભ્રાન્તિ ઊભી કરવાની ઇચ્છાથી મૃગને પકડવા જવું તે શું ધૃષ્ઠતા નથી આવી રીતે લંકાના યુદ્ધની શરૂઆત શું જરૂરી હતી.

૩) સત્યને જાણવા છતાં લોકરંજીત ચૂકાદો ઇચ્છાપૂર્વકનો આદરણીય નથી બની શકતો. સીતાની સાથેનો વ્યવહાર લંકાથી પાછા ફર્યા પછી એક સામાન્ય માનવના વહેણો તેવા લોકોના સંતોષ માટે એક નિર્દોષ, સગર્ભા અબળા, જેનો તને સંપૂર્ણ ખ્યાલ ભરોસો હતો તેવા પાત્રને શું ન્યાય આપ્યો કહેવાય તો તો યુદ્ધ કરી પાછી લાવવાની જરૂર ક્યાં હતી એ તો એના તપોબળથી શક્તિથી કણવના આશ્રમમાં જમીનમાં સમાધિષ્ઠ થઇ તેમ ત્યાં પણ થઇ શકત લોકવાયકા કે એ ટીકા વાત કે રામ જેવા સમર્થ પુરુષ પોતાની પત્નિને છોડાવી ન શક્યા.

મહાભારતમાં યુધિષ્ઠિરની કંઇ નીતી અને ન્યાય પદ્ધતી હતી કે તે શ્રેષ્ઠ અને એક ન્યાયી મહારાજા આર્યાવ્રતનો એક શક્તિશાળીરાજા પોતે હારીગયા પછી પત્નિને દાવમાં કંઇ રીતે લગાડી શકે એમાં દ્રૌપદીનો ક્યો દોષ હતો એને ન્યાય આપવાની શક્તિ એના પતિઓની હણી નાખવામાં અને ભીષ્મ દ્રૌણને લાચાર બનાવવામાં તારો ક્યો ન્યાય હતો કે તારે જ આમ કરી શક્તિશાળી સહાયક તરીકે પ્રદર્શિત થયું હતું.

૪) તારી મૂળભૂત પ્રક્રિયા તો એ છે કે ન્યાય અન્યાયની તારી





આખી નીતી જ સમજાતી નથી. એવો પ્રશ્નો ઊભા કરવામાં તારી જ શક્તિ, સત્તા, કુનેહ અને રીતીનીતી જ જવાબદાર છે આમાં તને શું પ્રાપ્ત થાય છે જેના કારણે લોકોને અન્યાય થાય ત્યારે એ ન્યાયના માટે તારી સામે હાથ લંબાવે અને તું એને ખરેખર કેવાપ્રકારનો ક્યારે ન્યાય આપ કે આપીશ એ સમજાતું નથી આ ન્યાય અન્યાયની માયાજાળ રચનારા એવા એ ઈશ્વર આવા કુટીલ રાજનીતીવાળા વર્તાવથી ખરેખર પ્રાણીજીવન માહીમામ પોકારી જાય છે અને છેવટે તારી નીતીને આવકારવા સિવાય એમને છૂટકો નથી આ શું બધી યોગ્ય ન્યાયની પ્રક્રિયા માટે કરે છે.

૫) ન્યાયમાં દયા, માયા, કરુણા ગૌણ હોવા છતાં એમાં ઊભરાટ જોવા મળે છે. રામાયણમાં કૈકયીના વ્યવહાર વર્તનને યોગ્ય ન્યાય નથી મળ્યો એક મહાસમ્રાટની મહારાણી હોવા છતાં એના કારણે એના પતિનું મૃત્યુ નિર્દોષ એવા રામ, સીતા અને લક્ષ્મણનો વનવાસ એ શું કૈકસીને માતા ગણીને એના આ વર્તનને માફ કરવામાં આવે છે. એમાં દયાને કદાચ મહત્ત્વ ન આપવામાં આવ્યું હોય માયા કે મમતાને તો સ્થાન આપી તેમને કોઇએ ઠપકો પણ આપવામાં અગ્રેસરતા ન કરી.

હનુમાન માત્ર લંકામાં સીતાની શોધમાં ગયા હતા તેમને સીતા મળી ગયા પછી અન્ય પ્રવૃત્તી માટે બાગને ઉજ્જડ કરવામાં લંકાને બાળી નિર્દોષની કદાચ એમાં હત્યા પણ થઇ હોય કારણ કે આખી લંકામાં જો આગ લાગી હોય તો નિર્દોષ પ્રાણીઓનો રહેણાક લંકાવાસીઓનો નાશ નહી થયો હોય ? આમા દયાના સાગરની ન્યાય પદ્ધતિ શું કહેવા માગે છે. લંકાને આગ લગાડવાનું હનુમાનને રામે ક્યાં કહ્યું હતું અને છતાં હનુમાનના આ કાર્યને હિન્દુ ધર્મશાસ્ત્રમાં રામભક્ત તરીકે પરાક્રમની ગાથામાં લીધુ છે.

પુરુષ સ્ત્રી સહજ આકર્ષણ એ તો સ્ત્રીનો ભૌતિક ગુણ છે એમાં એની વર્તુણીકમાં એના નાકને કાપવાની ગુસ્તાખી એ શું ખુદ રામ કે રામના ભાઇને માટે ન્યાયી પ્રક્રિયા હતી ? સ્ત્રી સહજ ભાવનાઓ અને વ્યવહારને માફ કરી જવા દેવા જેવી વ્યવહારિક સમજ એ બંન્નેમાંતી એકેમાં ન હોતી ? શું ઉચિત હતું, ન્યાયી હતું! આવા તો અનેક દાખલાઓ આપણી સામે છે જે માનવ કે પ્રાણી માટે આપવામાં આવે તો તેને કર્મવાદના સિદ્ધાંતને આગળ ધરીને ધર્મના રાહે એ એમના પૂર્વ જન્મના કર્મોનું પરિણામ હતું કે હોઇ શકે તેમ જણાવી તેને ધર્મસાપેક્ષના રાહે લઇ જવામાં આવે. પરંતુ અહીંયા એવા પાત્રોના દાખલાઓ સાથે રજુઆત થઇ કે એમને કર્મબંધન કે પુર્વ જન્મના કોઇ બનાવોથી તે સંકળાયેલા ન હોય આ છે તારી ન્યાય પદ્ધતી ?

૬) ન્યાયની તારી દ્રષ્ટિ હંમેશા વિવાદસ્પદ ચુકાદા વાળી રહી છે જેને તું સત્યાર્થે સંભાળી શકતે આ બાબત તમામ પ્રાણીઓને અને મનુષ્ય જીવનને તો ખાસ લાગુ પડે છે. ખાસ તો એટલા માટે કે માનવ અન્ય પ્રાણીઓ કરતાં વધુ બુદ્ધિશાળી સમજદાર તેમજ સંવેદનશીલતાને વ્યક્ત કરી શકે છે. અન્ય પ્રાણી પણ પોતાની રીતે પોતાની જ જાતના પ્રાણીઓને એમની રીતે એમની સંવેદનશીલતાને વ્યક્ત તો કરતા જ હશે પરંતુ એથી તને શું ! તું કોઇ પ્રાણીની સંવેદનશીલતાને ક્યાં મહત્ત્વ આપે છે તું તો એમના કર્મના બંધનને આગળ ધરીને તેમની જીંદગી બાબત બનતી કરુણાને એક જ વાક્યમાં સમાપ્ત કરે છે એટલું જ નહિ તારા ભક્તો, અરે સાધુ સંતો તરીકે વ્યક્ત થતાં માનવ પણ આવી જ રેકર્ડ વગાડી લોકોની જીંદગીમાં આવતી દુઃખમય પળોને ન્યાય તો ન મળે પરંતુ આશ્વાસન માટે પણ કોઇ સ્ત્રોત પ્રાપ્ત થતો નથી ત્યારે પ્રાણી હતાશ થઇ જાય છે.



વાસ્તવમાં ભોગવટા કરતા દરેક પ્રાણી કર્મનો જ ભોગવટા કરતા હોય તેવું ઘણી જગાએ નથી દેખાતું દા.ત. શંબુકના કેસમાં, અભિમાન્યના ભિષ્મના કેસમાં આવા તો કેટલાયે બનાવો છે કે જેમાં નિર્દોષો કુટાય જાય છે અને ગુનેગારો જલસા કરે છે આ શું તારી ન્યાય પદ્ધતી છે. પેલા મહાવાક્યને ફરીથી વિચારીએ "ખુદા કે ઘેર દેર હૈ અંધેર નહીં હૈ" પરંતુ પ્રાણી તમામ દુઃખ યાતના શિક્ષા ભોગવી લે પછી રજુ કરવામાં આવે સંશોધન પછી કે વ્યક્તિ તો નિર્દોષ હતી. પણ પછી શું નિર્દોષને જન્મટીપ થયા પછી તે ભોગવી બહાર આવ્યા પછી કાયદો, સંશોધન, સત્ય બહાર આવે કે તે નિર્દોષ હતો પછી આવા "ખુદા કે ઘેર દેર હૈ અંધેર નહીં હૈ" નો અર્થે શું આ શું તારી ન્યાય પદ્ધતી છે.

૭) પરમ શક્તિ કે સર્વોચ્ચ શક્તિમાન હોવાને કારણે... સર્જન કરવાની ક્યાં જરૂર હતી ભગવાન પોતે તે સર્વશક્તિમાન છે જ પછી ન્યાય, અન્યાય, પાપ, પુણ્ય સારુ ખરાબ આવા અનેક દ્વન્દો ઊભા કરવાની ક્યાં જરૂર હતી એણે એની રીતે જ સરળતાથી પ્રાણી જીવનને વ્યવસ્થિત કરી અન્ય પ્રવૃત્તી કે જેમાં ન્યાય, તટસ્થતા, પ્રમાણિકતા ધર્મનીતીને ભંગ ન થાય તે પ્રકારના મનોભાવો વૃત્તિઓ વિચારો વર્તનથી ભરી દેવામાં આવે તો આમાં પાપ પુણ્ય ન્યાય અન્યાયના પ્રશ્નો જ ઊભા ન થાય આ બધું તું કરી શકે છે તારામાં આ બધી તાકાત છે સામર્થ છે તો ભલા તું આમ નહી કરીને પ્રાણી જીવનને ગેરમાર્ગે દોરી અન્યાય કરતો હોય તેવું તને નથી લાગતું. આ તો તારા માટે સહજભાવમાંથી ઊદ્‌ભવી શકે એમ છે. પછી આ બધા ફંદા શા સારુ માટે હે ઉચ્ચ ન્યાયના રખેવાળની ભૂમિકા ભજવનાર અને આખા બ્રહ્માંડમાં એ રીતે પ્રસિદ્ધ થનાર તને કોણ સમજાવે અને તું કોની વાત કાને

ધરે માટે સદા સર્વદા શાશ્વત શક્તિના માલિક તું જ ત્વરીત ન્યાય આપી શકે એમ છે અને તે પ્રાણી જીવનની વૃત્તિ, પ્રવૃત્તિ વર્તનને મૂળભૂત રીતે સમગ્રતયા એક ઉચ્ચ સંસ્કારી, સમજુ વિવેકી બનાવીને.

૮) ઉપરોક્ત બાબતને ધ્યાનમાં લેતા એ પ્રતિપાદિત થાય છે કે કાર્ય કારણ તું પોતે જ ઊભુ કરે છે અને પછી બીનજરૂરી રીતે તું પ્રાણીઓને એમાં જોતરે છે તું જ કાર્ય છું અને તે કાર્યનું કારણ પણ તું જ છે તારા સિવાય કોઇ પ્રાણીની કોઇ શક્તિ કે સમર્થતા જ નથી અને એ શાશ્વત શક્તિ કે શાશ્વત જીવનના માલિક પણ ક્યા છે કે તે આવે તારી જેવું સાહસ કરી શકે. તને તો બધુ સુપ્રત થયેલુ છે કે તારી જ શક્તિથી બધુ છે. પછી બીન જરૂરી રીતે કોઇ પ્રાણી પદાર્થને આમા સંડોવવા એ શું વ્યાજબી છે એક તુ જ કર્તા છે અને બીજાને કર્તા વ્યક્ત કરીને ભોગ બનાવે છે જવાબદાર બનાવે છે ખરેખર આ તારો ન્યાય છે.

તારી ન્યાય પદ્ધતી અને પ્રણાલી ગત વ્યવસ્થાના ઘણા વિવરણ પછી એવું લાગ્યા કરે છે કે તને સર્વોચ્ચ ન્યાયલયનો ન્યાયધિશ કહીને ક્યારેક ન્યાયપ્રથાનું અપમાન થતું હોય તેવું લાગે છે. તું સર્વસત્તાધિશ, સર્વશક્તિમાન તો છો જ પછી પદ વિહીન છો કોઇ પદ તારા માટે નથી. આવું રજુ કરવું કે શાસ્ત્રો કે સંતો ભક્તો પાસે રજુ કરાવવુ એ શું અસત્ય નથી સત્તાધીશ તો તું છો જ અને સાર્વભોમત્વ જ નહિ શાશ્વત સત્તાનો તું માલીક છું. તારી સામે કે તારી સત્તાનો, શાશ્વતતોનો કોઇ હરિફ નથી. અદ્વેત શક્તિનો તુ એક જ પરંપરાગત શક્તિ છો. અને શાસ્ત્રમાં તો વ્યક્ત કરવામાં આવ્યું છે. કે જ્યાં શક્તિ અને સાર્વભૌમત્વ સત્તા હોય તેની પાસે અનાયાસે પદ ઊભુ જ હોય છે પદની એને નથી પડી, પદને એની પડી છે





પદને ઘણી વખત થતું હશે કે આ તો શાશ્વત શક્તિનો અદ્વિતિય માલિક છે કે ક્યારેક મને તો ઉંચકીને નહિ ફેંકી દેને.

અને એ સાચુ છે પદને એની બીક છે એમ નહી પદની એને પડી નથી. એટલે તો એને પદનિર્વાણની પરિસ્થિતનું અર્થઘટન એવું કર્યું છે કે એ પદથી પર છે પછી એને નામથી પણ પર કરવામાં આવ્યો છે. નામ જ નથી. ગુણ નથી રૂપ નથી પછી પદની એને ક્યાંથી પડી હોય એને ઉપરોક્ત નામ, રૂપ, ગુણ પદ નથી એવું નથી. એણે એની અદ્વિતિય સત્તાને સામર્થતાના કારણે એ બધાને ફેંકી દીધા છે. જેમ કોઇ ના કામની વસ્તુઓ કચરા પેટીમાં ફેંકી દેવામાં આવે તેમ જો આ બધા તેની પાસે હોય તો તેને કોઇ જ પૂછનાર મળે. નામ જ નથી પછી એને ક્યા નામે સંબોધીને રજુઆત કરવી કે ભાઇ તુ કેવા પ્રકારની સત્તા ભોગવે છે. શાસ્ત્રો અને સંતો કે તેની અનિભૂતીની વાતો કરનાર તો એ પણ વ્યક્ત કરે છે એને કોઇ ગુણ લાગુ પડતો નથી.

ગુણ એટલે શું ? ગુણ બે પ્રકારના છે. ૧)રજોગુણ, સત્તોગુણ તમોગુણ. આમ ત્રણગુણની માયા લીધે જ વ્યાપક છે. સતો ગુણ સંતો કે સજ્જનો ભક્તોમાં જ વ્યાપક છે એથી ત્રણે ગુણની માયામાં રજોગુણ તથા તના કારણે તમોગુણ વધુ વ્યાપક છે.

૨) દયા, પ્રેમ, સહનશીલતા, સત્યવૃત્તી, સત્યવાદી, અહિંસક, ન્યાયી, સમભાવી, સમતાભાવી, સેવાભાવી, ત્યાગી વૈરાગીભાવનાવાળો આવા તો અનેક ગુણો સંસારમાં વ્યાપ્ત છે અને એનું મુલ્યાંકન પેલા ત્રણ ગુણ કરતા અનેક ઘણું છે વ્યાપ્ત છે સંસારમાં દુનિયામાં એથી એ રજોગુણની દુનિયામાં આવે છે પરંતુ ઉપરોક્ત બે નંબરના તમામ ગુણો પ્રથમ નંબરના

ત્રણ ગુણની માયામાં સત્તોગુણના મુખ ભણી હોય છે.

જ્યારે મહાશક્તિના એ ભોક્તા, તું તો ઉપરના ત્રણ ગુણથીયે પર છો. પછી તને સત્તોગુણનો અહેસાસ પણ ન થયો હોય શાસ્ત્ર કહે છે. સંતો કહે છે તું ત્રણ ગુણથી પર છો તો સત્તોગુણનું સંભવીત એવી આ દુનિયામાં બીજા નંબરના મહાગુણોથી પણ તુ પર હોય જ એ તારા શાસ્ત્રો અને તારા સંતોની વ્યાખ્યા રજુ કરે છે.

આમ તો કોઈ સત્તાધીશ, પછી તપથી, સાધનાથી, જ્ઞાનથી પદાધિકારી બન્યા પછી સત્તાધીશો, કંઈક અંશે બીજા નંબરના ગુણોધર્મોથી આયુક્ત હોય છેઅને એ ગુણો રજોગુણની સાથે સત્તોગુણથી સંલગ્ન બની શકે તપમાં સાત્વિકતા ભરેલી છે તેનું તપ આરાધક તરીકેનું હોય તો તે પોતાની સત્તાનો દુરુપયોગ કરતા અચકાય છે પરંતુ કોઈ પણ વ્યક્તિ આરાધકમાંથી સાધક કે સીધો સાધક બને છે તેનામાં આસક્તિના ભાવો સુષુપ્ત રીતે જીવનમાં પ્રભાવીત હોય છે જે ભાવો એ સત્તાધીશને સત્તા પ્રાપ્ત કર્યા પછી રજોગુણ સાથે તમોગુણ તરફ ખેંચી જતાં અચકાતા નથી અને એના સત્તોગુણનો ધ્વંશ થાય છે જ્યારે સાધક તો સત્તા, સર્વપરિતા માટે જ સાધના કરે છે. એનામાં જ્ઞાનભાવ કે સત્યભાવ જાગવાની નોબત આવતી નથી. જ્યારે જ્ઞાનની પ્રભાવશાળી અનુભૂતી સત્તાને નહિ સમર્પણને ત્યાગને સેવાને પ્રાણી જીવનના કલ્યાણને જ મહત્ત્વ આપે છે ત્યાં પદ પ્રતિષ્ઠા પામર બની જાય છે અને એ તો સંતની ગતી છે.

જ્યારે મહસત્તાના સમર્થક ભોક્તા, કર્તા, તું તો ખુદ તારા જ કારણે સત્તારૂઢ છુ અને એ પણ બ્રહ્માંડની અદ્વિતિય સત્તાનો એક માત્ર સ્વામી એટલું જ નહિ સાધના કે તપથી સત્તા કે પદ પ્રાપ્ત કરનાર કોઈ થોડા





શાશ્વત કે સાર્વભૌમત્વ સત્તાધીશ છે. તારી કક્ષાએ એ કંઈ જ નથી તોયે કેટલી ઉથલ પાથલ આ દુનિયા માટે કરે છે. દુનિયામાં કરે છે એ નરી. બેવકુફી છે જ્યારે એક તું છે કે તુ એમની કક્ષાએ થોડું ઘણું સમજતો હોય એવું લાગે છે નહિતર આમેય શાશ્વત, સાર્વભોમત્વ, શક્તિનો એકમાત્ર સત્તાધિશ સ્વામી, તને તો કોણ પૂછવાવાળું છે. પૂછે તો તું શું તેમના પ્રશ્નનો સાચો, વ્યાજબી, આધારભૂત વિવેકપૂણ્ય જવાબ આપે ખરો ? લગભગ આ બાબતમાં અનુભવીઓના મતે પણ ના જ છે. કદાચ તારા પ્રશંસકોના મતે તારા ડરથી, દબાણથી હા હોઈ શકે પરંતુ સત્ય એ નથી કારણ કે તારી નીતીરીત, શાશ્વત સત્તામાં તું કોઈને કંઈ સાચો જવાબ આપવા બંધાયેલો નથી એવું શાસ્ત્રોને સાથે રાખી સંતો કહે છે. કારણ કે એ અગમની વાતો છે એમાં ગુપ્તતાની જરૂર પર તે અને તારા શાસ્ત્રોએ ભાર મુક્યો છે.

ન્યાયપ્રથા એ તારુ આગવુ કે મહત્વપૂર્ણ કાર્યલક્ષ કે કાર્યસુચી નથી તારે તો તારા વિચારોને વ્યવસ્થામાં આવે એ જ ન્યાય કહેવાય આમા તારી ન્યાય પ્રણાલી જ એવા પ્રકારની છે કે દુનિયાના આટાપાટા અને દલિતબાજીઓથી વ્યાપ્ત એવી તારી ન્યાયતંત્ર વ્યવસ્થા સમજી શકાય તેવી નથી. દુનિયાની ન્યાયાલયો ને તો નક્કર સાબિતી જોઈએ છે તારે એ શોધવાની ક્યાં જરૂર છે તને તો તમામ બનાવો કાર્યો અને એના કારણોથી તું સંપૂર્ણપણે જાણકાર છે. એથી તને ઝડપી ન્યાય આપવાની બાબતમાં સરળતા પડે એવું છે તું તો સાર્વભોમત્વ સત્તાનો સ્વામી તને તારા ન્યાયતંત્ર બાબતમાં પણ કોણ પૂછે અને છતાં ન્યાય આપવામાં વર્ષોના વર્ષો ખેંચી કાઢી અન્યાય પામેલાને અન્યાયના આઘાતમાં જ જીવન પુરુ થઈ જાય ત્યાં સુધી રિબાયા કરે. દુઃખી રહ્યા કરે એનો કોઈ અંત નથી. અર્થ પણ નથી.

દુનિયાના સત્તાધિશો શાશ્વત નથી છતાં પણ સત્તાના, સંગઠનના, સંપત્તિના અને દુન્યવી બેફામ લાલસા, ભોગવટો એ એમની અજ્ઞાનતાં, અભિમાનને વધુ વિકૃત કરવા માટે જ એ કરે છે. દુનિયાના એકાદ વિસ્તારને એની સત્તા સંગઠને કચડી નાખ્યા પછી દબાવી દીધા પછી એ વિશાળ વિસ્તારને એ જ રીતે કચડવા કટીબદ્ધ બને છે સત્તાની લાલસા, ખુમારી, ભોગવટો એટલો બધો શુદ્ર છે કે એને પોતાની વાસ્તવિક ફરજ ક્યારેય કાર્યશીલ થવા દેતી નથી એનો તો માત્ર પ્રચાર પ્રસાર જ લોકોને ગેરમાર્ગે દોરવા પુરતો છે પ્રચાર કરતા વધુ એની કુટીક્ષ હિંસક નીતી અને એની સાથેની સત્તા લાલસા, દેહભાવની અરસ પરસ વૃત્તીઓ પ્રવૃત્તિઓ. એ જ એના સંગઠનનો મૂળભૂત થાય છે.

તારે માટે ભલા આવું થોડું વિચારી શકાય તારે સત્તા મેળવવા, ટકાવવા, ચલાવવા માટે ફાફા મારવાની ક્યાં જરૂર છે. તારે ક્યાં ખોટા પ્રચાર પ્રસાર કરવાની જરૂર છે માટે હે સર્વોચ્ચ, ન્યાયના રાહબર તું સત્વરે અસરકર્તા પિડીતોને ન્યાય આપવાની નીતીઓને અખત્યાર કરે કે કરજે એવી અમારી તો તારી સામે પ્રાર્થના છે. એ સિવાય અમે કરી પણ શું શકીએ.

દયાના અનુસંધાને ન્યાયધીશ તરીકે પણ તારે માટે તારી સત્તા, સમજણ આ બધાને લક્ષમાં રાખવામાં આવે તો તારી ભાવનાઓ ન્યાયના માટે ૨૦ થી ૨૫ જેટલું જ સમર્થન મેળવી શકે તેમ છે જો કે તુ કે તારી દયાના વાચ્છુઓ ઇચ્છુકો એ બાબત માટે ચોક્કસ એવું કહે જ કે ભગવાન માટે એના પ્રભાવીત એવા કાર્યની ટકાવારી આપનાર માણસ કોણ ? એ પણ સાચુ છે તારા માટે આવું વિચારવું એ પણ માનવજાત માટે કે કોઇ પ્રાણી માટે ભૂલભરેલું આઘાતજનક છે પરંતુ શું કરવું તને કંઇ કહી શકાય એવું તો





નથી જ પણ તારા માટે વિચાર વ્યક્ત કરવાની ગુસ્તાખી એ વધુ પડતી હોય દરગુજર કરજે.

તારા સાનિધ્યમાં આવિષ્કર પામેલા પોતાને સંતો, ભક્તો, તપસ્વીઓ તરીકે વ્યક્ત કરતા દુનિયાના વિવિધ પ્રદેશોમાં ખ્યાતી પામેલા, તારી બાબતમાં તારી પ્રસંશા કે ગુણગાન ગાવા સિવાય અન્ય કોઇ વસ્તુ કે વાત કરવાની ખેવના નહી કરીને તને પણ સત્યનું કે સળગતા પ્રશ્નોનું ભાન થવું શક્ય નથી એવું તાર પ્રભુ તરીકે ઘણાખરા ચરિતાર્થમાં તે જ વ્યક્ત કર્યું છે આમાં તો હું કંઇ જ જાણતો નથી. એવી તારી શાસ્ત્રોક્ત કે સંતો દ્વારા રજુ થયેલી ઘણી બાબતો હાસ્યાસ્પદ લાગે છે. દા.ત. તું તો સ્વયમ શક્તિ છે રાવણ માટે કે કૌરવો, બીજા રાક્ષસો માટે તારે અવતાર લેવાની ક્યાં જરૂર હતી શું હિરણ્યાકસપુને મારવા કે બલીરાજા પાસેથી પૃથ્વી પ્રાપ્ત કરવા તારે અવતાર ક્યાં ધારણ કરવો પડ્યો હતો ના, એ તારી આમ કળાનું પરિણામ હતું તું ધારે તે સ્વરૂપે. અવતરણ વિના પણ ભયાનકમાં ભયાનક શત્રુનો નાશ કરી શકે છે તારી બે જ વર્ષની ઉંમેરે ભાકોડીયા ચાલતા બે ભયાનક રાક્ષસોનો નાશ કરી નાખ્યો હતો. તેં ખરેખર દેવકીના આઠમાં પુત્ર તરીકે જન્મ લીધો હતો. કે એ પણ એક ભેદભરમ છે જો તું બારવર્ષની નાની જ વયે ભયંકર મલ્લો. હાથીઓ અને કંસને મારી શકતો હોય તો તું ગમે તે કરી શકવા સમર્થ છે માટે જ તને ન્યાયના પ્રણેતા તરીકે અન્યાયીઓથી, ત્રાસવાદીઓથી થતાં ગરીબ, શાહુકાર, મજબૂર અનાથ લોકોને જલદી ન્યાય મળે અને તેમને અન્યાય થાય તે પહેલા એમનો બચાવ થા, ત્રાસવાદી અન્યાયીઓને એ સમયે જ શિક્ષા મળી જાય તો ચોક્કસ અન્યાય, અત્યાચારી, દુરાચારીઓ, ત્રાસવાદીઓ દ્વારા એમનું જીવન હણાય જાય ત્યાં

સુધી શું તું બિલ્લી ઉદંરની રમત જો તો રહે છે ? આ જ તારી ખામી છે તારા માટે એ ખુલી હશે ગમ્મત હશે પરંતુ એ ખરેખ સારુ તો નથી જ. વળી પાચો તુ અને તારા માનવાવાળા કે માનીતા કર્મની કથાને આગળ ધરશો ભૂતકાળ સંચિત કર્મોનું ફલ એમને મળે છે. પરંતુ તું પ્રથમથી લોકોને ત્રાસ કરતા અટકાવ પછી ભવિષ્યમાં સંચિત, કર્મણા કે ક્રિયામણ પ્રારબ્ધ કર્મદોષ લાગે નહિ આ બધુ તુ કરી શકે તેમ છે જ પછી તને એમ કરતા કોણ અટકાવે છે વાળે છે. કે તને પણ અન્ય પ્રાણીઓની જેમ અનેક પ્રકારની વૃત્તીઓ અને ગુણોના અનેક પ્રકારના આવરણો, વલયો તને શાના લાગે, ન લાગે માટે હવે તું માને તો આ કર્મના બંધનોને તુ સમુળગા જ બંધ કરી શકે એમ છે તો તું ખરો ન્યાયી બની શકે.

તારા બે સ્વરૂપો તો સાચે જ વિવાદસ્પદ છે. ૧) તું દયાનો સાગર છો. ૨) તું સર્વોચ્ચ ન્યાયલયનો સર્વોચ્ચ ન્યાયાધીશ હોવાની બાબતમાં ઘણા જ મનોમંથન પછી તારા સાચા સ્વરૂપને જો રજુ કરવામાં આવે તો પ્રાણીમાત્ર તારાથી, તારી શક્તિથી, તારી રિતીનીતિથી તારો ધર્મઉપેક્ષાથી, અને તારા વાણી વિલાસ સભર વ્યક્તવ્યો તો એનું ઘણી વખત પ્રતિપાદીત કરે છે કે તું એક ચાણક્ય શક્તિ અને ભાષા જાણતો પ્રભાવશાળી કુટીલ રાજપુરુષ ન હોય ખરેખર રાજપુરુષ હો ત્યાં સુધી તો સમજી શકાય ત્યાં સુધી તો તારી વાતમાં ૫૦ % જેટલો વિશ્વાસ રાખી શકાય પરંતું તુ એમાંથી આધુનીક એવો અઠંગ રાજકારણીયો બને રાજકારણી નહિ ખરા અર્થમાં ઉપરોક્ત જણાવ્યું તેમ રાજકારણીઓ બને પ્રભુ ત્યારે ખરેખર તારા માટે શું કહેવું કોનો વિશ્વાસ રાખવો.

જેના ચાવવા અને બતાવવાના જ જુદા હોય એવા તને પછી





ભગવાન કંઇ રીતે માનવો. એ પણ અમે જાણીએ છીએ તારે સત્તા મેળવવા માટે ફાફા નથી મારવાના. તને તો સ્વમભૂ સિદ્ધ હસ્ત છે જ તે માટે તારે કોઇ ચુંટણી જીતવાની જરૂર નથી કે તારે તારી ભાષાને આકર્ષક કે મીઠા વાયદાઓ બતાવતી નથી કરવાની, તારે ક્યાં સત્તા મેળવવા, ટકાવવા, શંભુ મેળાને ભેગા કરીને એમને આકર્ષક લાલચમાં નાખવાની કે કોઇને ડર પેદા કરવાની જરૂર છે.

સરમુખત્યાર માટે હે મહાશક્તિ સેવા, સમર્પણ, ત્યાગ, દયા, માયા સાથે વરસાવતો જા અને માત્ર તારી શક્તિ સાપ્રત થયેલા સંગઠનના પ્રભાવના જોરમાં તણાઈને સાચા ભગવાનની ગતિશીલતા વધાર, માત્ર તારુ જે સરમુખત્યાર જેવું વલણ મદયુક્ત, વ્યવહાર, વર્તન સાચે જ તુ દયાનો સાગર, સુપ્રિમ શક્તિશાળી ન્યાયાધીશ છે તે પ્રકારનુ સ્પષ્ટ કરવાનું તારે તારી સર્જેલી માયા માટે એટલે ન્યાયયુક્ત ઉદાર બનવાની જરૂર છે.

તારી બાબત ઘણું બધું વિચારવા જેવું છે અને તારી આ માયાને કોઇનાથી કળાય એવી નથી માયા તારી પરેશાની પ્રાણીઓની.

૧)એક તો તું સર્વોચ્ચ અને શાશ્વત સત્તાધિશ છે અમર્યાદિત શક્તિનો સ્વામી.

૨) તું અદ્વિતિય છે તારી ગતિવિધિ અને રીતીનિતિ માં કોઇનું કાંઇ ચાલે નહિ તેટલું જ નહિ પરંતુ તે સમજી પણ ન શકાય.

૩) તું ધારે તે કરે, ધારે તે પરિણામ લાવી શકે, તે સર્વમાન્ય જ હોય.

૪) તારા કાર્યકારણમાં કોઇનાથી કશી જ દખલ ન કરી શકાય.

૫) તમામ પરિબળો, પરિસ્થિતી તારા માટે સિદ્ધહસ્ત હોવાને કારણે તું સદા સર્વદા તારી જ ઈચ્છાઓને આધિન બધુ રહે એ તારી સર્વોપરી માન્યતા.

૬) તારી માન્યતા, સ્વીકૃતી અને આદેશની અવગણના કોઈ સંજોગોમાં કોઈનાથી થઈ શકે તેમ નથી અને કરી શકાય પણ નહીં.

૭) પ્રાણી જીવનની દોષ નિર્દોષની તમામ ગણત્રી તારી પોતાની જ સર્વમાન્ય સ્વીકૃત રહેતી હોય છે રાખવી જ પડે.

૮) સારુ શું નરશુ શું એ તુ જાણે અને પ્રાણીજીવનને તારી ઈચ્છાને અને તારા ધારેલા પરિણામને સ્વીકારવો જ પડે.

૯) તારી સામે તારી કાર્ય પદ્ધતિ સામે કોઈનાથી ચું કે ચા. કરી શકાય જ નહિ તેમ કરનારને તું કઈ ગર્તમાં નાખી દે આ તારી સર્વોપરિ સત્તામાં આવે છે તેથી પ્રાણી માત્ર તારે આધિન રહે છે.

૧૦) તું ઈશ્વર છું એથી નહિ તારી પાસે દંડાનાત્મક તાકાત હોવાથી બધા ડરે છે એમાં તારી ઈચ્છા વિરુદ્ધ ડરના કારણે વિચારી પણ શકતા નથી.

૧૧) તું એક અને અદ્વિતિય લાલચનો દાતા છે જેની સર્વોચ્ચ લાલચ કદાચ મોક્ષની હોય કે અન્ય કોઈ એ પણ તારી ઈચ્છા પ્રમાણે જ હોય છે.

૧૨) તું રાજાને રંક અને રંકને રાજા બનાવી શકે તારી આ નીતિ અને વ્યવહારમાં ક્યારે તું શું કરીશ એ બાબતમાં પણ તું સર્વશક્તિમાન છે.



૧૩) તારી તો માત્ર પ્રેરણાથી સારા કાર્ય થાય છે તારી કૃપાનું અને ઉદારતાનું એ પરિણામ છે એમ માનીને તારો અહોભાવ માન્યા સિવાય છૂટકો નથી.

૧૪) તારી તમામ બાબતો અને કાર્ય પદ્ધતિ એ વાત રજુ કરે છે કે તું ખરેખર એક સરમુખત્યાર વધુ છે.

૧) એક તો તું સર્વોચ્ચ...શક્તિનો સ્વામી :-

તારે કોઈના સાથ સહકાર કે સલાહની સહેજ પણ જરૂર નથી, તારે કોઈના આદેશ કે સુચનની સહેજે જરૂર નથી, પડી પણ નથી. તારી સમજમાં એ નથી સમજાતું કે તારા માટે દેવ, દાનવ, માનવ, કિન્નર, ગોધર્વ, આ બધુ તો તારા વિશાળ સામ્રાજ્યમાં જ આવે છે અને તારુ જ સર્જન છે છતાં પણ મહ્દ અંશે તું દેવોનો જ પક્ષ લેતોહોય તેવું લાગે છે. દા.ત. બલીરાજા તો એક ઉત્તમ કક્ષાનો રાજા હતો તારા જ પરમ ભક્તનો પૌત્ર હતો પછી એની પાસેથી તે કેવા રૂપે કેવી યાચના તરકીબ કરી કે આકાશ, પાતાળ, પૃથ્વી તે પડાવી લીધા અને તેને પાતળમાં પણ તળીયે નાખી દીધો આ શું છે આ તારી કોમવાદી સરમુખ્યારી નથી, હા એના રાજ્યમાં એની પોતાની પ્રજા એવા રાક્ષસોનો કોઈ બીનજરૂરી ઉપદ્રવ ક્યાંય દેખાતો નહોતો પછી આવું કેમ...

૨) તું અદ્વિતિય છે તારી ગતિવિધિ...પરંતુ તે સમજી પણ ન શકાય જય વિજય ખરેખર આજ્ઞાકારી સેવકો હતા દ્વારપાળો હતા જ તારી જ આજ્ઞાનું પાલન કરવામાં તારા જ સુચન, ફરમાન કે આદેશનું પાલન કરવાને નિરંતર અને નમ્રભાવે કાર્ય કરતાં એ દેવ સ્થાનમાં સતત રહેતા

તારા જ દર્શનથી સતત સંતૃપ્ત થતાં આવા સેવકોની કંઇ ક્ષતિ અને કાર્ય પદ્ધતિ તારા માટે શિક્ષાના વિચારોને જાગૃત કરી શિક્ષાના મૂળભૂત અધિકારી જય વિજય ન હોવા છતાં ત્રણથી ચાર અવતાર જેવા અને લાંબાકાળ સુધી તેને તારાથી દૂર કરવાનો શાપ આપવો પડ્યો એ કંઇ સમજાય એવું નથી. શાસ્ત્રો કહે છે કે ફરીથી તેમનો ઉદ્ધાર કરવા તારે ચાર અવતાર ધારણ કરવા પડ્યા ભલા આ દરમ્યાન તારા દ્વારપાળો કોણ રહ્યા હતા. અને એમની સાથે તું કેવી ન્યાય પદ્ધતિથી વર્તો હોઇશ.

હા રામા અવતારમાં લક્ષ્મણે પણ જય વિજય જેવી જ ભૂલ કરી હતી ખરેખર જય વિજયે અને લક્ષ્મણે કોઇએ કોઇ ભૂલ નહોતી કરી. માત્ર આજ્ઞા પાલકતા એ બંન્ને કેસમાં સુવિહિત છે. પરંતુ લક્ષ્મણનું સામાન્ય અપમાન કરીને તારા ભાઇ તરીકે શાસ્ત્રોક્ત રીતે કોઇ મોટી કે મહાન વ્યક્તિનું સામાન્ય અપમાન પણ એનો શિરચ્છેદ કર્યો કહેવાય. એવું બતાવી જય વિજય અને લક્ષ્મણના ન્યાય બાબતમાં ખરેખર મારા તારા પણાનો ભેદ સ્પષ્ટ નથી દેખાય આવ તો? આ તારી ન્યાય પદ્ધતિ સરમુખ્યાર જેવી હોય તેવું લાગે છે અને તેને કોણ આમા કહી શકે તું તો સર્વ સત્તાધીશ છું એના કરતા સરમુખત્યાર વધુ લાગ્યો હતો.

૩)તારી શક્તિ તો અમાપ છે જ. તું ધારે તે કરે ધારે તે પરિણામ લાવી શકે તે સર્વમાન્ય છે. મહાભારતના યુદ્ધમાં કર્ણને, અભિમન્યુને, પાંડવોના પાંચ પુત્રોને તાર જ પોતાના સંલગ્ન ભાવોમાં હોવા છતાં તેમને, ગટોરગચ્છ, બબ્રુવાહન જેવાં યોદ્ધાઓ અને ગટોરગચ્છના પુત્રને કેવી કેવી રીતે હણ્યા અને છતાં તું પાંડવોને માટે પ્રિય જ રહ્યો હિતેચ્છુ જ રહ્યો કોણ કરે તારી યોજનાનો અસ્વીકાર. અર્જુનના શોકને દૂર કરવા





તારે અભિમન્યુના પોપટમાં રહેલા આત્મા પાસે કેવા કેવા શબ્દો તું ઉચ્ચારી બતાવ્યા તું સદૈવ પાંડવોના પક્ષમાં રહ્યો પરંતુ તેના જ માણસોનો નાશ કરવામાં તું પાવરધો રહ્યો. દુર્યોધનને પણ એની માના સૂચન થકી વજ્રનો દેહ બનવાની શક્યતા હતા જે ગાંધારીની સૂચનાનો તે યથાયોગ્ય અમલ ન જ થવા દીધો અને દુર્યોધન આણી મંડળીનો સફાયો કરવામાં તે જ પ્રમુખ ભૂમિકા ભજવી. અને તારા જ કારણે પાંડવો મહાભારતનું યુદ્ધ જીત્યા અને સર્વશ્રેષ્ઠ ચક્રવર્તી રાજા બનાવ્યા અને છેવટે આ નાશવંત સંસારની માયામાંથી મુક્ત થવાનો રસ્તો બતાવી ઉદ્ધાર પણ તે જ કર્યા તારી ગતિતો અદ્વિતિય છે જ અને તારી કોઇ નિતિ નિયમોમાં કોઇનાથી કશું જ ન થઇ શકે.

૪) તારા કાર્યકારણમાં કોઇનાથી કોઇ દખલ ન કરી શકાય. આમ આગળ ઉપર જણાવવામાં આવી ચૂક્યું છે કે ખરેખર તું તમામ કાર્યકારણથી પર છે છતાં એ વાત તો ચોક્કસ છે કે દુનિયાના તમામ કાર્યોના મૂળમાં તું જ કારણ રૂપે વ્યાપેલ છે અને છતાં એના અસ્વીકાર કરે છે અમાન્ય કે અનાદર કરે છે. જે વસ્તું તારા થકી તારા માટે તારા કારણે જ ઊભી થાય છે એ એટલી સૂક્ષ્મ છે કે એની તમામ વસ્તુ કે હેતુઓ ગર્ભીત રીતે એટલી ગંભીર હોય છે કે એનો તાગ મેળવવો તો અશક્ય છે એનાથી યેં વિશેષ એ છે કે એની કલ્પના કે વિચાર સુધ્ધા પણ ન કરી શકાય આ પણ તારી ગોપનીયતા જ છે કરે છે તો તું જ તારા આનંદ માટે તારા સંતોષ માટે. અરે તારી કર્તવ્ય નિષ્ઠા પણ ગજબની છે જે કરવા ધાર્યું હોય તેને તારા અંદાજે પુરુ જ કરવાનું એ જાણે તારા માટે અનિવાર્ય બનતુ જોવાય છે. આમા ક્યા પ્રાણીને શું લાગણી, દુઃખ સંવેદના થશે તેની સાથે તારે કોઇ

લેવાદેવા સહેજે નથી જ તારે તો કાર્યની પર્યાપ્તિ સાથે જ સંબંધ છે અને તે પણ સારી નીતીરીતિ ગતિને રીતે આ બધુ એક મુખત્યાર કે સરમુખત્યારની રીત રસમ જેવું છે.

૫) તમામ પરિબળો પરિસ્થિતી... તે તારી સર્વોપરી માન્યતા આમાં તો કાંઇ નવું છે જ નહિ કારણ કે તમામ સ્થાનોમાં કોઇ પણ સંસ્થા રાજ્ય, રાષ્ટ્ર બધે જ આ બાબત તો છડેચોક જગજાહેર છે કે નાનામાં નાનો સત્તાધિશ પોતાની સત્તામાં કોઇ દખલ ન કરે તેવું ઇચ્છતો જ હોય છે અને દુનિયાના ઘણા વિભાગો અને સ્થાનો એવા છે કે સત્તાના મદમાં માનવ જાતને પણ એક બે સફળતા મળી જાય એટલે આખા વિશ્વનો એ એકમાત્ર સત્તાધિશ છે અને એવા સરમુખત્યાર પ્રકારના કાયદા, કાનુન, વ્યવહાર, વર્તન, વાણીથી બેફામ બની જઇ ન કરવાના કાર્યો કરે છે દુન્યવી ક્ષણિક સત્તાઓવાળા જો સરમુખત્યાર બની જતાં હોય તો તુ તો તમામ પરિસ્થિતી અને પરિબળોનો એકમાત્ર સત્તાધિશ છે અને એથી જ તમામ પ્રાણી પદાર્થો તારાથી આમેય દબાય ગયેલા જ છે એથી તારી તમામ પ્રવૃત્તી કે કાર્ય દયાના દરજ્જે કે ન્યાયના હિસાબે વધુ તો સરમુખત્યાર જેવી વધારે હોય છે દેખાય છે. અને તમામ પ્રાણી પદાર્થો તારાથી આમેય દબાય ગયેલા જ છે એથી તારી માન્યતા સ્વીકાર્યા સિવાય તારા ભક્તો માટે ભલે કહ્યું હોય કે ભક્તને આધિન ભૂધરો પણ એ વાત એટલી સત્યપ્રદ નથી જ કારણ કે ભક્ત તો તારી દયા પર નિર્ભર છે. તારી દયા મેળવવા માટે સતત નમ્રતાપૂર્વક, દાસત્વ, સેવા, સમર્પણ સ્વીકારેલ પ્રાણી કે મનુષ્ય કંઇ રીતે તને આધિન રાખે ખરેખર તો બધી જ રીતે તમામ પ્રાણી તારે આધિન તો છે જ પરંતુ તારી ભક્તિમાં વધુ રચ્યાપચ્યા રહેતા તારા કહેવાતા, તારી દયા વાચ્છું



ભક્તો, સેવકો તારા વિના તારી દયા, લાગણી વિના પાણીમાંથી બહાર કાઢવામાં આવેલી માછલીની જેમ તરફડીને મરી જાય એવી પરિસ્થિતીમાં મુકાય જાય છે છેવટે તું બચાવે હાથ પકડે તો જ એ બચે એવી તારી દયા માટે થતી આજીજી શું સરમુખ્યાર ભરી માન્યતા નથી શું ? તારા ભક્તોને પણ તું ઘણા તડપાવે છે અને નામ આપે છે ભક્તની કસોટી કરી અને તેમાંથી એ પાર થઇ ગયો એટલે તું ખુશ થઇ ગયો તે કેટલો કેટલોય હેરાન કર્યો હોય તોયે તારી સામે તો હાથ જોડીને ઊભો રહી એ જ કહેવાનો પ્રભુ મારી પર દયા કરી મને દર્શન આવ્યા એ ગરીબ દયાવાચ્છું મજબૂર, ગરીબ, નિરાધાર એવું તો નથી જ કહી શકવાનો કે મને આટલો હેરાન પરેશાન કેમ કર્યો ઉલટાનો તારો તો એણે આભાર જ માનવો રહ્યો અરે તારા તરફથી અનેક મુશ્કેલીઓ યાતનાઓ વેઠ્યા પછી પણ એમાની એકાદ જગ્યાએ એની વ્યગ્રતા અને વ્યગ્રતાની વ્યથા વ્યક્ત કરે તો તું તો એની પાસે આવવાને દર્શન આપવાને બદલે એને શિક્ષા કરતા પણ ન અચકાય એવો સરમુખત્યાર છું.

૬) તારી માન્યતા સ્વીકૃતી અને આદેશની અવગણના કરી શકાય પણ નહિ. સર્વોપરિતા અને શક્તિ, સત્તા અને સ્વાયતતા, એ તો તારા પોતાના જ છે. સર્વસત્તાધિશ એવા તારે સંગઠનની ક્યાં જરૂર જ છે તારી માટેની માન્યતા આખા બ્રહ્માંડમાં એક સરખી અદ્વિતિય છે. અને તને સર્વશક્તિમાન ઇશ્વર તરીકેની સ્વીકૃતિ પ્રાપ્ત થઇ છે એટલું જ નહિ, તારી ઇચ્છા વગર પાંદડુ પણ ન હાલી શકે આવો તો તારો કડપ છે. તું હસતા હસતા બધુ કરી શકે એમ છું પ્રાણીના દોષ, કે નિર્દોષ હોવાની ગણમી એ તારી રીતે જ હોય છે. શંકર હોય કે બ્રહ્મા, ચંદ્ર હોય કે સૂર્ય તું તારી રીતે જ

ન્યાય તોળે છે. અકળ કળા કિરતાર બ્રહ્મા ભેદ ન પાયા. ચંદ્ર સુરજ કો ગમ ન પાયા શિવજીકો નાચ નચાયા, શંકરના નાના પુત્ર ગણેશના મસ્તકના શિર છેદની જવાબદારી તારી હતી નહીતર શંકર કે જે વરદાનો આપવામાં સૌથી અગ્રેસર હોવા છતા ત્રણ કાળનું જ્ઞાન હોવા છતાં એ વાસ્તવિકતાથી અણજાણ કંઇ રીતે હોય શકે આ પણ એક ભેદભરમની વાત છે દાનવોના તપથી તેમને વરદાન આપનાર બ્રહ્મા કે શીવના વરદાનથી અદ્વિતિય શક્તિશાળી બનવાવાળા માનવો, દાનવો ગાંધર્વોને તારી જ તાકાત કુનેહ અને શક્તિ કે દાબથી નેસ્તનાબૂદ કરવામાં તું પોતે જ અદ્વિતિય છુ. પરંતુ પ્રશ્ન એ થાય છે કે તારી ઉપાસના, આરાધના કે ભક્તિ કરવાવાળા સર્વોચ્ચ ભક્ત જ સર્જાય છે જ્યારે શિવ કે બ્રહ્મા જેવા દેવોની ભક્તિ તપ આરાધના કે સાધના કરવાવાળા મોટાભાગે શક્તિ, સામર્થ જ પ્રાપ્તી માગે છે. અને તે પછી બેફામ બની જાય છે અને તેમાંથી લોકોને બચાવવા માટે તું એમનો નાશ કરે છે અને પ્રાણીઓમાં એના જીવનમાં એક ન્યાયી, ઉદાર દયાળું તરીકેની તારી પ્રતિભાને વધારવાની તારી આ નિતિરિતી શું એક રાજકીય સ્ટંટ જેવી તને નથી લાગતી આવી બધી તરકીબો માટેની તારી ધારણાઓ શું છે આમેય તું સર્વવ્યાપી શક્તિતો છો જ પરંતું એ બતાવવાની તારી કોશિષ લાગે છે કે છેવટે તું જ સર્વ કર્તા હર્તા અને શક્તિશાળી છું આ પણ સર્વોપરિતા ને કે સરમુખતારીને રજુ કરે છે જે તો તું છે જ.

૭) પ્રાણી જીવનનીદોષ નિર્દોષની તમામ ગણત્રી....રાખવી જ પડે. બધાં જ પ્રાણી પદાર્થો કે પ્રકૃતિ તારા જ સામ્રાજ્ય ભરી સત્તાના રમકડા છે પરંતુ ઘણી વખત એવું લાગે છે જે તે શક્તિ એ તારી દેન કે પ્રબાવ છે છતાં તને આગામી ઉચ્ચારો જેને ઘણી જગ્યાઓ શાસ્ત્રોમાં આકાશ શબ્દથી વ્યક્ત



કરવામાં આવે છે. દા.ત. કંસ અને તેની બેન દેવકીને સારુ જ બનતું હતું. દેવકી કંસને ઘણી વહાલી પણ હતી. જે શાસ્ત્રોક્ત રીતે તારા દશ અવતાર માના આઠમાં અવતારની મા હતી તેનો શું વાંક હતો કે તેના પતિ વસુદેવનો પણ શું વાંક હતો કે એક સારા પ્રસંગે સાસરે મોકલવા જતાં ભાઈને ચેતવણી આપી કે આ દેવકીના આઠમા સંતાનથી તારું મૃત્યુ થશે એ તારા નાશનો જવાબદાર હશે, બસ ત્યારથી જ એક લાડકવાયી બેન અને તેના બનેવીની દુર્દશા શરૂ થઈ અરે ભલા તુ તો સર્વ શક્તિમાન, તું ધારે તે સમયે તેના નાશ કરી શકે તેમ હતો ત્યારે આ નિર્દોષોનો શું વાંક હતો અરે એના પેટે આઠમાં બાળક તરીકે તું જનમ્યો કે નહિ એ તો તું જાણે પરંતુ એક દિવ્ય શક્તિરૂપે આવેલી બાળકીને મથુરાની જેલમાં આઠમાં બાળકના જન્મની જાણ થતાં કંસ એને મારવા ગયો તેની પાસેથી એ છટકી ગઈ અને કહેતી ગઈ કે તારા વિનાશનો કરનાર તો જન્મી ચૂક્યો છે. અને આ સાંભળતો જ કંસના રાજ્યમાં તાજા જન્મેલા સેંકડો બાળકોનો વિનાશની જવાબદારી શું તારી નથી. તું જે કરવાનો હતો એમાં આવી જાહેરાત કરી નિર્દોષોનો નાશ કરાવી એની પાછળ એના માતાપિતા સગાવહાલાને રડતા કરવાની આઘાત લગાડવાની ક્યાં જરૂર હતી આવા તો અનેક બનાવો તારી ભગવાન તરીકેની ભૂમિકામાં સુવિદિત છે જેમાં તારી ઇચ્છા શક્તિ, વાણી વર્તનની નહી સરમુખત્યારી જ નજર સમક્ષ આવે છે અને છતાંયે તને ભગવાન તરીકે માનીને તારી સ્વીકૃતિ અડગ રહે છે અને રાખવી જ પડે છે પ્રાણીઓ ક્યાં જાય પાણીમાં રહેવું અને મગર સાથે માથાકુટ લોકો તને પ્રેમ કરે છે. લોકો આજ્ઞા પાલક છે. લોકો સમજુ છે વિવેકી છે તને ભગવાન માનીને તારી આમન્યા કે મર્યાદા રાખે છે ના, ભાઈ ના, એ તારાથી ડરે છે. તે લોકો લાલચું છે એથી તારી દાબમાં છે છેવટે તારી માન્યતા મોટાભાગે તારી

બીકને કારણે છે એથી તું સરમુખત્યાર છે એ સત્ય છે.

૮) સારુ શું નરશુ શું એ તુંજ જાણે... તારા ધારેલા પરિણામને સ્વીકારવો જ પડે તને દયાનો સાગર કે ન્યાયનો મહાન અધિષ્ઠાતા કહે છે. પરંતુ દયા, સંવેદના, લાગણી આ બધી બાબતો તો તારા પ્રશંશકો દ્વારા શાસ્ત્રોમાં વ્યક્ત કરેલા તારા ભાવભીના વખાણ હોય તેવું લાગે છે ત્યારે પથ્થર હૃદયના માણસો ધ્રુજી ઉઠે છે. નાના બાળકોની મા મરી જાય, અપર માના ત્રાસમાં જીવવાનું થાય. બાળકોને ખાવાનું પીવાનું રહેવાનું ન મળે, મોટી ઉંમરે કોઇ સદ્‌ગૃહસ્થનો એકનો એક કહ્યાગરો કમાતો પુત્ર મરી જાય ત્યારે તે વૃદ્ધોની જીંદગીમાં કેવો આઘાત થતો હશે, અરે વૃદ્ધાવસ્થામાં કમજોર નિઃસહાય મજબૂર વૃદ્ધ માતાપિતાને જેણે આખી જીંદગી કમાયને દુઃખ વેઠીને મોટા કર્યા હોય તેવા છોકરા મોટા થતાં બધી મિલ્કત આંચકી લઇ માબાપને એમની અસહાય જીંદગીમાં ત્રાસ આપે હેરાન કરે ત્યારે પણ તું તો સારુ નરસું જાણવા છતાં એને વાળવાની એને અટકાવવાની કોશિષમાં ક્યારેય પ્રયત્ન કરતો દેખાતો નથી તને લાગણી જ નથી હે અનાથના નાથ દુઃખીયાના બેલી આવું તે શું કામ ? દુશ્મનોનેય એનો ત્રાસ લાગે છે પરંતુ તારુ તો પેટનું પાણીયે હાલતું નહી હોય તારે પ્રાણીઓના સુખ દુઃખ, સંવેદન, ચિત્કાર, યાતના આ બધાની સારા નરસાની ક્યાં પડી છે.

ચંગાવતી, સગાળશા એક સ્વરૂપવાન આજ્ઞાકારી પુત્રને મારી નખાવી, ખાંડવામાં પણ તારી સંવેદના ન બની, અને ચંગાવતીને કટાર લેવી પડી, આવી કસોટી, અને છતાં તારી તમામ ક્રિયાઓ લોકોએ સ્વીકારવી જ પડે છે. હશે પ્રભુ તને ગમ્યું તે ખરુ તારું હતું ને તે લઇ લીધું. આપ મેળે આશ્વાસન મેળવવું પડે છે અરે, આશ્વાસન આપવા પૂરતી પણ તારી પાસે





લાગણીશીલતા નથી એ સરમુખત્યારી નથી તો શું કહેવાય છેવટે તું કસોટીને ધ્યાનમાં ન લેતા કર્મના સિદ્ધાંતને આગળ કરે છે જેમાં માનવ પ્રાણી કે તમામ પ્રાણી પદાર્થો મુક બનીને જોયા કરે છે વેઠે છે છેવટે ભૂલી જવા મજબૂર બને છે.

૯) તારી સામે તારી કાર્ય પદ્ધતિ સામે...પ્રાણી માત્ર તારે આધિન રહે છે. તારી સર્વોપરિતા, શક્તિ અમાપ છે તારી ગમે તેવી રીતનીતી ના બાબતમાં તું તારી રીતે જ ધર્મ છું તુ તારી વ્યાખ્યામાં સત્ય છું ગમે તે રીતે પ્રાણી માત્રનું સંચાલન તું જ છે એના કંઇ રીતે કેવા જીવનથી જીવાડવા અને કંઇ સ્થિતીમાં મુકવા એ તારી જ કાર્યપદ્ધતી કામ કરતી હોય છે એમાં કોઇનાથી એ બાબતને તને પૂછાય પણ નહિ અરે આવું કેમ કર્યું એવી શંકા પણ તારા કાર્યની ગતિમાં ઊભી ન કરાય તું તો મદારી છું આ બધા તારા પ્યાદા જ છે, તારા માટે કોઇ વિચારણા કરતા પણ પ્રાણીમાત્ર ડરે છે કારણ કે તારી ટીકાટિપ્પણી કરવી એ એક સરમુખત્યારની ટીકાટિપ્પણી કરવા બરાબર છે એવા પ્રાણીને તુ ક્યારે કંઇ ગર્તમાં નાખી દે તને તો સલાહ પણ ન અપાય, અને વિનંતિપૂર્વક પણ ન રજુ થાય કારણ કે તું તારી કાર્યપદ્ધતી બાબતમાં કોઇનું સાંભળવા બંધાયેલો જ નથી. એમ કરનાર પ્રાણીને તું કંઇ ગર્તમાં નાખી દે એવો ડર રહે છે જ બધાં જ પ્રાણીઓ તારે આધિન છે. તારી સત્તા અને સરમુખત્યારી આગળ કોઇનુંયે કંઇ ચાલતું નથી ન્યાયની કે દયાની પરિભાષા તારી સમજણ પ્રમાણે તારી આગવી કે અલગ જ છે તેનો પાર પણ પામી શકાય તેમ નથી.

૧૦) તું ઇશ્વર છે એથી નહિ તારી પાસે દંડનાત્મક તાકાત હોવાથી...વિચારી શકતા નથી આ કેટલે અંશે સત્ય છે એ તો તું જાણે પરંતું

લોકોને પદની બીક ઓછી હોય છે પદની પાસે પાવર યાને કે સત્તા કેટલી છે એ મહત્ત્વનું ગણવામાં આવે છે. શાસ્ત્રાક્ત રીતે ગણવામાં આવે તો ગુરુને તારા બરાબરના પદમાં અરે એથી યે આગળ મુકવામાં આવે છે પરંતુ ગુરુની પાસે પદ ભલે મોટું હોય પરંતુ તેની તાકાત કે પાવર કંઇ જ નથી એથી કોઇ તેનાથી ડરતું નથી શાસ્ત્રોમાં તો ગુરુને ઘણી ઉપમા કે મહત્ત્વ આપવામાં આવ્યું છે પરંતુ એથી શું ગુરુને જીવનમાં ઘણી વખત બદલી શકાય છે ઘણા વિશિષ્ટ સંતોએ ઘણા ગુરુ બદલ્યા હોય એવા દાખલા છે. યા તો ગુરુમાં કચાશ હોય યા તો સેવકમાં શ્રદ્ધાનો અભાવ હોય બાકી એક લવ્ય દ્રૌણનું પુતળું બનાવી વિદ્યા પ્રાપ્ત કરી હતી. કર્ણ એની શ્રદ્ધાથી પરશુરામ પાસેથી વિદ્યા મેળવી હતી પરંતુ ગુરુ શિષ્યની વાત અલગ છે તારી વાત અલગ છે તુ સર્વવ્યાપી કે સર્વશક્તિમાન છે માટે જ તારી શક્તિ તારી સત્તાનો ડર એ વિશિષ્ટ છે જ એથી જ તુ મહાન છે નહિતર પ્રાણીમાત્ર એવા પ્રકારના મનોભાવવાળા હોય છે કે તેમને કશાની પડી હોતી નથી માત્ર તારા ડરના કારણે તારી સામે કશું જ ન વિચારી શકે અને એથી જ સર્વવ્યાપી સર્વશક્તિમાન, સત્તાધિશ સરમુખત્યાર હોય શકે છે. છે અને રહેશે.

૧૧) તું સર્વોચ્ચ શક્તિશાળી છે અને તારો ડર છે એનાથી વિશેષ તો લોકોને તારા પ્રત્યે લાલચ વધારે છે કોઇને માયાની, રજોગુણની, સત્તાની, સંપત્તિની અરે સૌથી મોટી લાલચ તો મોક્ષની છે તે સાથે સાથે તારી સત્તાની સામે લાચાર હોવાને કારણે એમના અનેક કાર્યો તું અને એ જ જાણતા હોય એવા ગુપ્ત કાર્યોની તેને બીક પણ હોય છે તે માફ કરાવવાની પણ પણ પ્રાણીઓમાં લાલચ હોય છે તું તો સર્વજ્ઞ છું એ પ્રાણીમાત્ર જાણે છે એના પોતાના કર્મો ભોગવટાની લાલચના કારણે કર્મબંધનમાં આવતા હોય





છે આસક્તિ, દેહભાવ ભોગવટો એક એવી બાબત છે કે તેનો ત્યાગ કરવાની માનવ પ્રાણીથી માંડીને તમામ પ્રાણીઓમાં ઘણી જ નબળાઇ હોય છે જો કે આખરે એ પણ તારી જ દેન છે છતાં પણ એની મર્યાદા ચૂકવાની શક્યતા ઘણી બધી છે એથી કારણ કે આસક્તિ એ કોઈ સામાન્ય વળગણ નથી એથી એનાથી થયેલા દુષ્કૃત્યો, ભૂલોને માફ કરનાર એક તુ માત્ર છે અને એ પણ તારા માટે તારી સમર્થતાનો મહત્ત્વનો પાયો છે જેનાથી પ્રાણીઓ દયા માટે યાચના મય બને છે.

૧૨) તુ રીઝે તો રાજ આપી દે અને ખીજે તો સત્યાનાશ કાઢી નાખે એવી તારી સત્તા છે અને તું કોની પર ક્યારે ખુશ થા અને કોનીપર ગુસ્સે થા એ વ્યાખ્યામાં તને માનવાવાળા, ભજવાવાળા તારુ જ ધ્યાન કે લક્ષ રાખવાવાળા માટે તો તું હંમેશા તેમની સાથે જ હોય છે. પરંતુ તારી માટે સહેજ પણ કચવાટ કે કચકચાટ કરવા વાળા પ્રાણીને તું ક્યાંય નો ન રહેવા દે જોકે વ્યક્તિ તપ, સાધનાથી વિકરાળ બને છે ત્યારે જ તું વધારે ગુસ્સે થાય છે. વળી નિર્દોષ લોકોને પોતાની શક્તિથી હેરાન કરવાવાળા સાધકો, ઋષિ મુનીઓ પણ કેમ ન હોય તેને શિક્ષા કરતા તું અચકાતો નથી એનું શ્રે,ઠ ઉદાહરણ તો અંજુમન અને મહર્ષિ દુર્વાસાનું છે જે સર્વ વિદિત છે એટલે જ તુ ભગવાન છું અને સર્વસત્તાધીશ છું.

૧૩) આમ તો સર્વ ગુણોનો ભંડાર છું જ અને તારો એક સર્વોત્તમ ગુણ એ છે કે તારી પ્રેરણા સદ્વર્તન માટે જ હોય માનવ સહ તમામ પ્રાણીઓમાં તું આસક્તિ, ભોગવટો, દેહભાવ કે સ્વાર્થમયતા જેવા અનેક દુર્ગુણો પર મર્યાદા રખાવીને સત્યના આગ્રહભર્યા જીવનનું આહ્વાહન કરે છે પ્રાણીઓમાં સદ્ભાવના જાગ્રત કરવી તારી કૃપાનો પ્રતાપ છે તારી

કૃપા કે પ્રેરણાથી જ માનવ જીવન ઉત્કર્ષમય, કલ્યાણમય બને છે અને જીવનતરી જાય છે ખરેખર તું અને તારી શક્તિ મહાન છે જેનો કોઇ જ પાર પામી શકે તેમ નથી. પરંતુ તારી તાકાત, સત્તા, સાર્વભૌમત્વ, શાશ્વતતા એવા એવા પ્રયોગો કરે છે કે તમામ પ્રાણીઓમાં એની એક દહેશત ફેલાય જાય છે અને આ ફેલાતી દહેશત જ તારી સરમુખત્યારશાહી વ્યક્ત કરે છે. તું દયાળું બન ન્યાયી બન એવી તારી સામેની પ્રાર્થના એ માટે છે કે આવા તારી લીલાના નાટકો તારા આનંદ માટે કરતો હોય તો એને જરા મર્યાદા રાખ અને વિવિધ રચના કરી...શીવ થકી જીવ થયો એ જ આશે આ બધુ ડરામણુ આયોજન ન કર એ જ પ્રાર્થના.

૧૪) ઉપરોક્ત બધી બાબતો એ તો અવશ્ય પ્રતિપાદીત કરે છે કે તું ૨૦ % દયાળુ ૨૦ % થી ૨૫ % ન્યાયી હોઇ શકે છે બાકીના ૫૫ % થી ૬૦ % તો તું ખરેખર સરમુખત્યાર છે જ કે જેનો કોઇ પાર પામી શક્યું નથી કે નથી તને કોઇ એ બાબતમાં કાંઇ કરી શક્યું હોય કે તું એવી વ્યક્તિ કે શક્તિનું તુ માન્ય હોઉં.

અનેક શક્તિઓથી ભરપુર એવા ભગવાન તારા માટે બીજુ તો વધારે કંઇ કહેવાય એવું નથી માયાને સંકેલી લેવાનું કહીને તારા કથીત આનંદ કે રસરંજનની તારી ખવાઇશને અમે કંઇ રીતે બંધ કરાવી શકીએ કે બંધ કરવાનું કહી શકીએ તમારી અમાપ અને અમોઘ શક્તિનો અમને અંદાજ છે. અને તેથી જ તારી સામે માત્ર હાથ જોડીને વિનંતિ કર્યા સિવાય બીજો કોઇ ઉપાય અમારી પાસે નથી જ અને એ બાબતમાં તું હંમેશ નરમ રહેજે કે જેથી તારી તરફથી અમને બહું મોટી હાની ન થાય.